**સુવિચાર**
સાચું બોલીએ તો સંબંધો તૂટી જાય છે અને ખોટું બોલીએ તો પોતે તૂટી જવાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૪/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ PENDAWALA
હનુમાન જન્મોત્સવ નિમિતે પ્રસાદી માટે
શુદ્ધ ઘીની મીઠી બુંદી
શુદ્ધ ઘીના મોતીચુર લાડુ
ભાવનગરી ગાંઠીયા
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ચૈત્ર સુદ-૧૫ વર્ષ : ૧૬ અંક : ૧૦૩

## હજારો શ્રધ્ધાળુઓની ભૂરખિયા મંદિર સુધી પદયાત્રા યોજાઈ

# અમરેલી જિલ્લામાં શ્રી હનુમાન જયંતીની ઉજવણીનો ધમધમાટ

- જિલ્લાભરનાં હનુમાન મંદિરો ખાતે મહાઆરતી, બટુક ભોજન, સંતવાણી સહિતનાં કાર્યક્રમો યોજાશે
- સુપ્રસિધ્ધ ભૂરખિયા હનુમાન મંદિરે હજારો શ્રધ્ધાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવશે
- શહેરનાં સુપ્રસિધ્ધ બાલાજી, રોકડીયા, પંચમુખી, બાળ હનુમાન સહિતનાં મંદિરોએ પણ દર્શનાર્થીઓની ભીડ ઉમટશે
- જોગાનુજોગ શનિવારનાં દિવસે જ હનુમાન મહારાજની જયંતી હોય શ્રધ્ધાળુઓમાં આસ્થાનાં ઘોડાપુર



અમરેલી, તા. ૧૧
અમરેલીજિલ્લાનાંતમામ હનુમાનમંદિરમાંઆવતીકાલશનિવારે રામદુતશ્રીહનુમાનજીનોજન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. શ્રી હનુમાનજીનાં ભકતોમાં આસ્થાનાં ઘોડાપુર જોવા મળી રહ્યા છે. હજારો પદયાત્રીઓ ભુરખિયા હનુમાનજી મંદિર તરફ ચારે દિશાઓમાંથી જવા રવાનાં થયા છે. જયાં માર્ગમાં પદયાત્રીઓ માટે ચા, પાણી, નાસ્તાની વ્યવસ્થા પણ સેવાભાવીઓ ધ્વારા કરવામાં આવી રહી છે.
અમરેલી જિલ્લા સહિત સમગ્રરાજયઅનેદેશનાંસુપ્રસિધ્ધ

**અનુસંધાન પાના ૬ ઉપર**

# હનુમાન જયંતી–ભકિત, શકિત અને સેવાની અનન્ય પરંપરા



અમરેલી, તા. ૧૧
તા. ૧૨, એપ્રિલે સમગ્ર દેશભરમાં હર્ષ અને ઉમંગ સાથે હનુમાન જયંતિ ઉજવાશે. ભગવાન હનુમાન, ભકિત, બળ અને નિઃસ્વાર્થ સેવાનું જીવંત પ્રતિક છે. તેઓને ‘ અંજનિસુત’, ‘બજરંગબલી’, ‘ પવનપુત્ર’, અને ‘મહાવીર’ જેવી અનેક વિશિષ્ટ ઉપાધિઓથી ઓળખવામાં આવે છે. આ દિવસ પરમ શૂરવીર અને ભગવાન રામના પરમ ભકત હનુમાનજીના જન્મદિન તરીકે ઉજવાય છે.

હનુમાન (સંસ્કૃતઃ હનુમાન)એ હિંદુ દેવતા અને રામના પરમ ભકત અને સાથી છે. તેઓ બ્રહ્મચારી અને ચિરંજીવી તરીકે વર્ણવાયા છે. તેઓ બળ, બુદ્ધિ, વિદ્યા અને ભકિતના દેવતા મનાય છે. રામાયણ સહિત અન્ય ગ્રંથો જેવા કે મહાભારત અને વિવિધ પુરાણોમાં તેમનું વર્ણન થયું છે. તેઓ અંજની અને કેસરીના પુત્ર તેમજ વાયુદેવના પુત્ર છે. તેમનો જન્મ ચૈત્રી પૂનમને દિવસે થયો હતો, જેની હનુમાન જયંતી તરીકે ઉજવણી થાય છે.

રામાયણમાં રામે સીતાની શોધનું કપરૂ કાર્ય હનુમાનને સોંપ્યું હતું તે તેમણે બખૂબી નિભાવ્યું હતું. રામને હનુમાન ઉપર પૂર્ણ વિાસ હતો, તેથી જ જયારે રાવણનાં ભાઈ વિભીષણનો સ્વીકાર કરવો કે ન કરવો તે ગડમથલમાં પડેલા રામે સુગ્રીવનાં અભિપ્રાયને ઉવેખીને પણ હનુમાનજીના મંતવ્યનો સ્વીકાર કરેલો. કારણ કે રામ હનુમાનને માત્ર એક ભકત તરીકે જ નહોતા નિહાળતા તેનામાં રહેલ માણસને પારખવાની અદભુત શકિતને પણ સમજતા હતા. હનુમાને સીતાને અશોક વાટીકામાં આત્મહત્યાનાં માર્ગે જતા અટકાવ્યા હતા. તેઓ માત્ર એક વિદ્વાન જ નહિ, એક વીર સૈનિક પણ હતા. તેમનામાં કોઈપણ કાર્ય બુધ્ધિ પુર્વક હાથ ધરવાની સમજદારી હતી. તેથી તેઓએ એકલે હાથે રાવણની આખી લંકા સળગાવી નાખી હતી. રામના કોઈ પણ મહત્વનાં કાર્યો કે કટોકટીની ક્ષણોમાં હનુમાન હંમેશા સાથે હતા. ઈન્દ્રજીતના બાણથી મરણશૈયા ઉપર પડેલા લક્ષ્મણને ઔષધી લાવીને હનુમાને બચાવેલા. રાવણનો યુધ્ધમાં નાશ થયો તે સમાચાર સીતાને આપવા રામ હનુમાનને મોકલે છે.

શ્રી હનુમાનજીની ભકિત દ્વારા આપણે શીખી શકીએ છીએ કે સાચો ભકત કોઈપણ પરિસ્થિતિમાં સત્ય, ધર્મ અને સેવા માર્ગેથી વિમુખ થતો નથી. તેમનું જીવન આજના યુગ માટે પણ ઊંડો સંદેશ આપે છે – તપ, સંયમ, કૃતજ્ઞતા અને નિષ્ઠાનું મહાત્મ્ય.

હનુમાન જયંતિ નિમિત્તે સમગ્ર ભારતભરમાં તેમજ વિદેશમાં અનેક સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે, જેમાં ગૌ સેવા, વૃક્ષારોપણ, જળસંગ્રહ અભિયાન, લંગર સેવા, અને ભકિતમય યાત્રાઓનો સમાવેશ થાય છે. અનેક મંદિરોમાં હનુમાન ચાલીસા પાઠ, યજ્ઞ, રકતદાન કેમ્પ અને પ્રસાદ વિતરણના આયોજનથી સમગ્ર વાતાવરણ ભકિતમય બની જાય છે.

વિભરમાં સ્થિત ભારતીય સમુદાય માટે પણ હનુમાન જયંતિ એકતાનો પાવન પર્વ બની રહે છે. તેમની પૂજા માત્ર શારીરિક શકિત માટે જ નહીં, પરંતુ માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ આદર્શરૂપ છે.

આશા છે કે આપણે સે ભગવાન હનુમાનના આદર્શોને અનુસરીને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવશું – ખાસ કરીને નિરાધાર પ્રાણીઓની સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને જરૂરિયાતમંદ માટે મદદરૂપ બનીશું. આ પાવન અવસરે ભારત દેશની જનતાને હનુમાન જયંતિની હાર્દિક શુભેચ્છાઓ. જય બજરંગબલી !

શ્રી રામના દૂત, સેવા અને શૌર્યના મૂર્તિમંત સ્વરૂપને શત શત વંદન.

– મિત્તલ ખેતાણી (રાજકોટ)
મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## સ્પે. પોકસો કોર્ટનાં ન્યાયધીશ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા સજાનો આદેશ

# અમરેલીમાં કુમળીવયની બાળકી સાથે શારીરિક અડપલા કરનાર ઢગાને આજીવન કેદની સજા

### ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવાનો પણ આદેશ

અમરેલી, તા. ૧૧
અમરેલીમાં રહેતા આરોપી હરેશ મનુભાઈ માલવીયા નામના આરોપીએ ગત તા. ૧૪/૭/૨૩ના રોજ એક કુમળી વયની ૬ વર્ષની બાળકીને પોતાની દુકાનની અંદર બોલાવી મોબાઈલમાં કાર્ટુન બતાવી બાળકીના શરીરે શારીરિક અડપલા કરી તથા બટકુ ભરી તેની શારીરિક છેડછાડ કરી પરેશાન કર્યાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીના એડી.સેશન્સ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદી દ્વારા દલીલ તથા પુરાવાઓ કોર્ટ સમક્ષ રજુ કરતાં સ્પે. પોકસો કોર્ટના ન્યાયાધીશ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી હરેશ મનુભાઈ માલવીયાને આઈ.પી.સી. ૩૭૬ (એ)(બી) તથા પોકસો એકટની કલમ ૬ના ગુન્હામાં આજીવન સખત કારાવાસ તથા રૂપિયા ૫૦ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર આપવા આદેશ કર્યો હતો.










## હનુમાન જયંતીએ હનુમાન ચાલીશાનાં પાઠ બાદ

# અમરેલીમાં એએચપી દ્વારા આજે સાવરકુંડલા ચોકડીએ ભોજન પ્રસાદનું આયોજન

### ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ

અમરેલી, તા. ૧૧
ચૈત્ર સુદ નોમ ભગવાન રામના જન્મ પ્રાગટય દિવસ બાદ પ્રભુ રામના પ્રિય ભકત એવા ‘‘હનુમાનજી મહારાજ’’ના પ્રાગટય દિવસે ચૈત્ર સુદ

**અનુસંધાન પાના ૬ ઉપર**






## ભુઈ નિઃસંતાનને સંતાન, બાળકોને જમણવાર, હોમ–હવનના નામે રૂપિયા ખંખેરતી

# સાવરકુંડલાનાં મોલડી ગામે ભુઈનો સ્વપ્નકાંડ બોગસ સાબિત કરતું વિજ્ઞાન જાથા

### ભુઈને મામાદેવ આવતા બિસ્ટોલ, અત્તર, અગરબત્તી, શ્રીફળની માંગણી

### અંદરોઅંદર ઝઘડાઓ, શંકા–કુશંકા નાખી પરિવારોને છિન્ન ભિન્નની કબુલાત

### કચ્છ મોગલધામના બાપુએ ભુઈની કડક શબ્દોમાં આલોચના કરી

### અમરેલી જિલ્લા પોલીસ વડા, સાવરકુંડલા પોલીસ સ્ટેશનની પ્રશંસનીય કામગીરી




અમદાવાદ, તા. ૧૧

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોલડી ગામે છેલ્લા ચાર વર્ષથી ઘરમાં મામાદેવ–માતાજીનો મઢ બનાવી ગોરખધંધા કરતી ભૂઈ ક્રિષ્ના નયનભાઈ પરમારનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે સાવરકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૬૬મો સફળ પર્દાફાશ કર્યો હતો. ભૂઈનો સ્વપ્નકાંડ, મામાદેવની હાજરી બોગસ સાબિત કરતા ભૂઈએ કાયમી પાખંડ બંધની જાહેરાત કરી લોકોની માફી માંગી લીધી હતી.

બનાવની વિગત પ્રમાણે સાવરકુંડલા પાસેના મોલડી ગામે ભૂઈ ક્રિષ્નાએ પોતાને રાત્રે સ્વપ્નમાં મોગલ માતાજી આવ્યા અને પ્રમાણ આપતા ઘરનું ઝાડ ફાટતા મોગલમાંનું સ્વયંભૂ પ્રાગ્ટય થયું. હોમ–હવન કરી ઘરમાં મઢની સ્થાપના કરી ભૂઈને નાનપણથી શરીરમાં મામાદેવ આવતા તેની પણ સ્થાપના કરવામાં આવી. છેલ્લા ચાર વર્ષથી લોકોના દુઃખ–દદ, જોવાનું, સંતાન આપવાનું, બાધા–ટેક આપવાનું, નડતર દૂર કરવાની વિધિ–વિધાન શરૂ કર્યું. અંદરોઅંદર શંકા–કુશંકા ઉભી કરી ઘરને છિન્ન–ભિન્ન કરવું વિગેરે પ્રવૃત્તિઓથી ગ્રામજનો નારાજ થયા, આસપાસના લોકો જોવડાવવા દર્શને આવવા લાગ્યા. ભૂઈના કારણે સુરતથી માનતા ઉતારવા, ઘરને સાર્વજનિક બનાવી દીધું. શિક્ષિત પરિવારોને લપેટમાં લઈ લીધા. સ્વપ્નકાંડની ડિંડકલીલા ભૂઈની સફળ થઈ ગઈ હતી. ભૂઈનો પ્રકોપ વધતા સમગ્ર મામલો વિજ્ઞાન જાથાના કાર્યાલયે પહોંચ્યો.

જાથાના રાજકોટ સ્થિત કાર્યાલયે પીડિત પરિવારે ભૂઈના પર્દાફાશ માટે જરૂરી આધાર–પુરાવા રજૂ કરી ક્રિષ્ના ભૂઈના ધતિંગ બંધ કરવા સંબંધી માહિતી આપી. જાથાએ ડમી માણસોને ત્રણવાર રૂબરૂ મોકલી ખરાઈ કરી તો સત્ય હકિકત બહાર આવી. ભૂઈ ચાલાક હોવાથી પુરાવામાં મુશ્કેલી પડી હતી. ઝાડ ફાટતા મોગલમાનું પ્રાગ્ટય, મામાદેવની હાજરી આવે તો ૨૦ મિનિટમાં ૨૫૦ સિગારેટ પીવાનો ચમત્કાર બહાર આવ્યો. જાથાને જરૂરી આધાર મળી ગયા. પર્દાફાશનું નક્કી થયું.

જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ રાજયના મુખ્યમંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓને પત્ર મોકલી ટીમને જરૂરી પોલીસ બંદોબસ્તની માંગણી કરી તુરંત અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે સવારકુંડલા તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. પી. એલ. ચૌધરીને જરૂરી સુચના મોકલી દીધી. જાથા માટે પોલીસ જીપમાં એ.એસ.આઈ. રમેશભાઈ ભાનુભાઈ મારૂ, હેડ કોન્સ્ટે. મિહીરભાઈ વિનુભાઈ ચુડાસમા, પો. કોન્સ્ટે. વિશાલભાઈ દિનેશભાઈ સોલંકી, કોન્સ્ટે. દિપકભાઈ દિનેશભાઈ ખુમાણ, કોન્સ્ટે. સંજયભાઈ વાલજીભાઈ બળ વીયા, મહિલા કોન્સ્ટે. નયનાબેન બાવચંદભાઈ સરવૈયા, મહિલા કોન્સ્ટે. કિરણબેન રામજીભાઈ ખટાણાને પોલીસ રક્ષણ માટે ફાળવી દીધા.

રાજકોટથી જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, મહિલા સદસ્યા ભાનુબેન ગોહિલ અને સ્થાનિક કાર્યકરોને પોલીસ સ્ટેશને હાજર રહેવા સુચના મોકલી દીધી.

જાથાના ચેરમેન જયંત પંડયાએ પો.ઈન્સ. પી. એલ. ચૌધરીને રૂબરૂ મળી ભૂઈના પર્દાફાશની હકિકત આપી તેમણે જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, એ.એસ.પી. સાથે વાતચીત કરી લીધી. સમગ્ર પર્દાફાશનું આધાર રાખવાની વાત મુકી હતી. પોલીસ કાફલા સહિત ટીમ મોલડી ગામે ભૂઈના ઘરે પહોંચી ગયા.

જાથાના જયંત પંડયાએ ભૂઈ ક્રિના પરમારને પરિચય આપી મોગલ માતાના પ્રાગ્ટય સ્વપ્નલીલા, મામાદેવના સીગારેટ પાકીટ વિગેરે બંધ કરાવવા આવ્યા છીએ. ઘરમાં હવનના મોટામોટા કુંડ, રસોડામાં મામાદેવની સ્થાપના, ભ્રમ ફેલાવવો કાયદા ભંગ છે. ગામ લોકો પણ નારાજ છે. અંદરોઅંદર ઝઘડાઓ કરવાનું બંધ કરો વાત મુકી હતી. ભૂઈ ક્રિષ્નાના હોંશકોંશ ઉડી ગયા હતા. ખરે સમયે માતાજી મદદે આવ્યા ન હતા. બાજુમાં દુકાન સંભાળતા પતિદેવ નયન આવી ગયા. પરંતુ જાથાની કામગીરીથી પરિચિત હોય બંનેએ કાયમી ધતિંગ બંધની ખાત્રી આપી હતી. ઘર સિવાય ઘરના મઢે કોઈને આવવા દેવામાં નહિં આવે, સંતાન પ્રાપ્તિના લગાવેલા ફોટાઓ કાઢી નાખવામાં આવશે. ઝાડ કેવી રીતે ફાટયું ને માતાજી પ્રગ્ટયા તે બતાવી ન શકયા. ભૂઈને જ સ્વપ્ન આવ્યું તેથી સાબિતી કેમ આપવી. ભૂઈ ભાંગી પડયા હતા. તેની બહેનપણી રમાબેન ગોવિંદભાઈ મદદે આવતા મહિલા પોલીસ નયનાબેન અને કિરણબેને પોલીસ ભાષામાં વાત કરતા ચૂપ રહેવાનું પસંદ કર્યું. જાથાએ એ.એસ.આઈ. મારૂ અને મિહીરભાઈ સાથે વાતચીત કરી પોલીસ સ્ટેશને લઈ જવાનું નક્કી થયું. ગામમાંથી એકપણ વ્યકિત મદદે આવ્યું ન હતું તે સૂચક હતું. ભૂઈના ગાત્રો કામ કરતા ન હતા, જાથાએ હિંમત આપવી પડી હતી. કાયમી બંધ–કબુલાતનામું આપવા પતિ સહિત ભૂઈ તૈયાર થઈ ગયા હતા.

ભૂઈ ક્રિષ્નાબેનને પો.ઈન્સ. પી. એલ. ચૌધરી પાસે રજૂ કરવામાં આવ્યા. ભૂઈમા બોલી શકતા ન હતા. જાથાએ મદદ કરવી પડી હતી. અટકાયતી પગલા સંબંધી વાત કરવામાં આવી હતી.

કબુલાતનામામાં હું ભુઈ ક્રિષ્ના નયનભાઈ પરમાર, ઉ.વ. ૩૬, ધંધો : મોગલ માતાની સેવા–પૂજા, ગામ મોલડી, તા. સાવરકુંડલા, છેલ્લા ચાર વર્ષથી ઘરના ઝાડમાંથી મોગલ માતા પ્રગટ થવા સ્વપ્નમાં પ્રમાણ આપ્યું, સંતાન આપવા મામાદેવને સીગારેટ વિધિ–વિધાન કરું છું. આજથી ચાર વર્ષના ધતિંગ પ્રવૃત્તિ બંધની જાહેરાત કરૂ છું. લોકોની માફી માંગી તમામ પ્રકારના ધતિંગ બંધની જાહેરાત આવે જોવાનું કામ બંધ કરૂ છું. મઢની સ્થાપના કરવા સ્વપ્નલીલા બોગસ જાહેર કરી હતી. માનતા રખાવવી, દાનપેટી, પ્રસાદ વિગેરે પ્રવૃત્તિ બંધ કરૂ છું. ભૂઈ ક્રિષ્ના નિઃસહાય જોવા મળ્યા હતા. પતિ નયન પરમાર નિર્દોષ હોવાનું સાથે ઘરમાં કોનું વર્ચસ્વ ચાલે છે. તે પોતે જ નક્કી કરી શકે છે. પોલીસ સ્ટેશને સગા–સંબંધી, મિત્રોને બોલાવતા હતા પરંતુ કોઈ ફરકયું ન હતું. જાથાએ ચાર વર્ષથી ધતિંગલીલા કાયમી સમાપ્ત કરાવી હતી. ગામ લોકોમાં જાથા પ્રશંસાને પાત્ર બન્યું હતું. કચ્છના મોગલધામના બાપુએ મોલડીની ભુઈની સામે નારાજગી વ્યકત કરી અંધશ્રદ્ધા ન ફેલાવવા કડક ભાષામાં આલોચના કરી હતી.

જાથાએ ભાવનગર રેન્જના આઈ.જી.પી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, પો.ઈન્સ. પી. એલ. ચૌધરી, એલઆઈબી બ્રાંચનો વિશેષ આભાર માન્યો હતો.

ભૂઈ ક્રિષ્નાનો ૧૨૬૬માં પર્દાફાશમાં જાથાના રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણ, રવિ પરબતાણી, ભાનુબેન ગોહિલે, સ્થાનિક કાર્યકરોએ ઉત્તમ કામગીરી કરી હતી. પોલીસ સ્ટાફમાં એ.એસ.આઈ. રમેશભાઈ ભાનુભાઈ મારૂ, પો. કર્મીઓમાં મિહીરભાઈ ચુડાસમા, વિશાલભાઈ સોલંકી, સંજયભાઈ બળવીયા, દિપકભાઈ ખુમાણ, મહિલા કોન્સ્ટે. નયનાબેન સરવૈયા, કિરણબેન ખટાણા પદાફાશમાં જોડાયા હતા.

ભુઈનો પર્દાફાશ કરતાં ગ્રામજનોના અસંખ્ય ફોન જાથા ઉપર આવતા રાજીપોની વાત કરી હતી. ટૂંકાગાળામાં ખેલ સમાપ્ત કરતાં ગ્રામ્ય મહિલાઓમાં અંદરોઅંદર વેરઝેર બંધ થઈ જશે તેવું કીધું હતું.

રાજયમાં પદાફાશ માટે આધાર–પુરાવા સાથે માહિતી મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર કરવી.

---

### આસ્થા અને ઉત્સાહભેર

## ચિતલ–જશવંતગઢ ખાતે થશે હનુમાન જયંતીની ઉજવણી

### ઠેર–ઠેર મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૧૧

ચિતલ–જસવંતગઢમા ઠેર–ઠેર હનુમાન મંદિરે સત્યનારાયણની કથા યોજાશે. ગોદડપરાના મંદિરે સમુહપ્રસાદ સહિતના કાર્યક્રમો તથા ચિતલના જસવંતગઢ પરામા આજે ૧૨/૪ને શનિવારનાં રોજ ખિજડીયા દાદાનો માંડવો ચિતલનાં પ્રકાશભાઈ બારોટ કે જેઓ ૨૦૧૧ હનુમાન જયંતિ નિમિતે રામધૂન તથા હનુમાન ચાલીસાના પાઠનું પોતાના મંડળ દ્વારા કરીને છેલ્લા ૧૪ વર્ષથી સેવા આપી રહ્યા છે. ખીજડીયા દાદાના માંડવામાં ચોટીલા મંદિરના મહંત ગૌતમગીરી ગોસાઈ ઉપરકોટ મંદિરના મહંત શ્રેયાસબાપુ ગુરૂહંસતાજીબાપુ સહિતના સંતો/મહંતો પધારશે. આ કાર્યક્રમો થાંભલી રોપણ,



સામૈયા, ભોજન પ્રસાદ વગેરે સાથે ડાકડમરૂના કલાકાર કિશનભાઈ બારોટ (પસવી) પંકજભાઈ બારોટ (અલીયા બીડી) તથા બીપીનભાઈ રાવળ સહિતના કલાકારો રહેશે તો દરેક ગ્રામજનોને પધારવા મુખ્ય આયોજક પ્રકાશભાઈ બારોટ દ્વારા જણાવાયું છે.

---

### ગ્રાહકોની ઉમદા સેવા કરનાર

## બાબરાની એચડીએફસી બેન્કનાં મેનેજરની બઢતી સાથે બદલી

### સેવાભારતી હોસ્પિટલમાં વિદાય યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરાની એચ.ડી.એફ. સી. બેંકનાં મેનેજર મયુરસિંહ જનકસિંહજી ઝાલાની બઢતી સાથે બદલી થતા તેમની શ્રેષ્ઠ કામગીરીથી પ્રભાવિત થઈ અહીં સેવાભારતી હોસ્પિટલ ખાતે ઝાલા સાહેબનું શાલ ઓઢાડી શિલ્ડ આપી ઉમળકાથી ડો. રૂગનાથભાઈ કુબાવત, ડો. કલ્પેશભાઈ કુબાવત તથા આસોપાલવ મેડીકલના શૈલેષભાઈ કુબાવત દ્વારા સ્વાગત કરી પોતાનો રાજીપો વ્યકત કર્યો હતો.

છેલ્લા પાંચ વર્ષથી અહી સર્વિસ કરતા ઝાલા સાહેબે ખુબ જ માન મેળવેલ. બેંકનો નાનો ગ્રાહક હોય કે મોટા ઉદ્યોગપતિ હોય બધાની સાથે આત્મીયતાથી વર્તી ખુબ જ સન્માન મેળવેલ. નિષ્ઠાથી કરેલ નોકરીના કારણે સૌ કોઈ તેઓને પોતાના જ માનતા હતા. ડો. રૂગનાથભાઈ કુબાવત સાહેબે તેમજ જીવનમાં ઉતરોતર પ્રગતી કરી ખુબ જ તેઓ અને પરિવાર આગળવધે તેવા આર્શિવાદ પાઠવેલ.

---

### જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ

## અમરેલીમાં ''કોફી વીથ કલેકટર'' કાર્યક્રમને કેન્દ્ર સરકારનાં મહિલા બાળ વિકાસનાં પુસ્તકમાં સ્થાન મળ્યુ

### રાષ્ટ્રીય સ્તરે કાર્યક્રમની નોંધ લેવામાં આવી

અમરેલી, તા. ૧૧

સમગ્ર ભારત દેશમાં વર્ષ ૨૦૧૫થી 'બેટી બચાઓ બેટી પઢાઓ' યોજના અમલી છે. જિલ્લા કક્ષાએ, જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની સમિતિની દ્વારા આ યોજનાનું નિયંત્રણ અને દેખરેખ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૪–૨૫ના વાર્ષિક એક્શન પ્લાન મુજબ ગત તા. ૧૧ ઓકટોબર, ૨૦૨૪ના રોજ અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમ યોજાયેલ 'કોફી વીથ કલેકટર'ને કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની પુસ્તિકામાં સ્થાન મળ્યું છે.

આ કાર્યક્રમમાં જિલ્લાના



રમત ગમત, શિક્ષણ, કળા, સાહિત્ય વગેરે ક્ષેત્રે સિદ્ધીઓ હાંસલ કરેલ દીકરીઓને જિલ્લા કલેકટર સાથે સંવાદ કરવાની તક પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમની નોંધ કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગની પૂસ્તિકા 'કમ્પેડીયમ ઓફ બેસ્ટ પ્રેક્ટિસ' બેટી બચાઓ બેટી પઢાઓમાં લેવામાં આવી છે.

આ પુસ્તિકામાં દેશમાં થયેલી સૌથી શ્રેષ્ઠ પહેલની નોંધ લેવામાં આવી છે. આ પુસ્તિકા સમગ્ર દેશમાં અધિકારીઓને મોકલવામાં આવશે જે અમરેલી જિલ્લા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે, તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

# લીલીયામોટા ખાતે સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે બસ સ્ટેન્ડનું ભૂમિ પૂજન કરાયું









લીલીયા સ્ટેશન રોડ પર ત્રણ લીંબડી હનુમાનજી મંદિર નજીક આજરોજ તારીખ ૧૧/૪/૨૫ શુક્રવારના રોજ રાજય સરકાર તરફથી નિગમ ઈન સ્ટ્રકચર અપડેટેશન ફાળ વેલ સહાય થકી અમરેલી એસ.ટી વિભાગ તળે લીલીયા બસ સ્ટેન્ડ બનાવવા માટે ૪ કરોડ ૨૬ લાખ ફાળ વવામાં આવતા સાંસદ ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે ભૂમિપૂજન યોજાયું વર્ષોથી રાહ જોઈ રહેલી લીલીયા તાલુકાની જનતા માટે બસ ડેપોની ઈચ્છા થશે પૂર્ણ ૪.૨૬ કરોડનાં ખર્ચે બસ ડેપોનું ભૂમિપૂજન કરતા સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા આ તકે ધારાસભ્ય અને સાસંદ દ્વારા મુખ્યમંત્રી અને વાહનવ્યવહાર મંત્રીનો મનાયો આભાર આ બસ સ્ટેન્ડ આર.સી.સી ફ્રેમ સ્ટ્રકચર વાળા નવીન બસ સ્ટેન્ડનું ભૂમિ પૂજન કરવામાં આવેલ ત્યારબાદ સ્વાગત પ્રવચન અમરેલી એસ.ટી વિભાગના ડિવિઝન અધિકારી એ.જે. સોલંકી દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળ ાવિયા સહિતના મહાનુભાવોનું શાબ્દિક અને સાલથી સન્માન કરવામાં આવેલ આ તકે સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના પ્રસંગિક પ્રવચનમાં સરકારની સિદ્ધિઓ વર્ણવી હતી લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, અરૂણભાઈ પટેલ, ગૌતમભાઈ વિછીયા, રાશિભાઈ ડેર,ભનુભાઈ ડાભી, બાબુભાઈ ધામત, કાનજીભાઈ નાકરાણી, મનુભાઈ ડાવરા સહિતના અગ્રણી આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સમગ્ર આયોજન સફળ બનાવવા સ્થાનિક સરપંચ જીવનભાઈ વોરાએ જેહમત ઉઠાવી હતી કાર્યક્રમના અંતે આભાર વિધિ સાવરકુંડલા ડેપો મેનેજર નથવાણી એ કરી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

## છેલ્લા અઠવાડીયાથી તાપમાનનો પારો ૪૨-૪૪ ડીગ્રી સુધી પહોંચી રહ્યો છે તેવા સમયે

# અમરેલીમાં અનિયમિત વીજળીથી શહેરીજનો તોબા પોકારી ગયા

**શહેરમાં પીજીવીસીએલની સબ ડિવીઝન વિભાગની બબ્બે કચેરી છતાં વીજળી નિયમિત મળતી નથી**

**સવાર, બપોર, સાંજ ગમે તે સમયે અર્ધી કલાકથી લઈને ૨ થી ૩ કલાક સુધી વીજળીનાં રૂસણા**

**ગ્રાહકોનાં બાકી વીજબિલની ઉઘરાણીમાં કડક રહેતો વિભાગ વીજળી આપવામાં કરે ઠાગાઠૈયા**

**પીજીવીસીએલનાં ઉચ્ચ અધિકારીઓ યોગ્ય માર્ગદર્શન આપીને વીજળી નિયમિત કરાવે તેવી માંગ**

અમરેલી, તા. ૧૧

અમરેલીશહેર સહિત સમગ્ર જિલ્લામાં ઉનાળાની ૪૪ ડીગ્રીથી પણ વધુ તાપમાન હોવાના કારણે કાળઝાળ ગરમી શરૂ થતાં જ લોકો ગરમીના કારણે એ.સી., એરકૂલર જેવા સાધનોનો વપરાશ વધે તે સામાન્ય છે. ત્યારે આ બધા ઉપકરણો વાપરવા માટે ઈલેકટ્રીક પાવર જરૂરી છે. ત્યારે અમરેલી વીજ તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી અલગ અલગ વિસ્તારમાં મેઈન્ટેઈનના કારણોસર વીજ કાપ ઝીંકી દેતા અમરેલીના શહેરીજનો વીજકાપથી ઉકાળી ઉઠયા છે. ત્યારે ખાસ તો નાના બાળકો તથા વૃધ્ધોની હાલત અતિ દયનિય બને છે.

અમરેલી શહેરમાં આશરે દોઢ લાખથી પણ વધુ વસ્તી છે. ત્યારે આ તમામ લોકો માટે વીજ પાવર અતિ આવશ્યક છે. ત્યારે છેલ્લા બે દિવસ એટલે કે ગુરૂવારના રોજ સવારથી જ અમરેલી સબ ડિવિઝન-૨ માં મેઈન્ટેઈનના કારણોસર વીજ કાપ ઝીંકી દેવામાં આવેલ હતો. જયારે આજે શુક્રવારના રોજ પણ અમરેલી સબડિવિઝન-૧ માં મેઈન્ટેઈનના કારણોસર વીજકાપ નાંખી દેવામાં આવેલ છે. જેને લઈ આમ જનતા વીજતંત્ર સામે લાચાર થઈ લાઈટ શરૂ થવાની રાહમાં રહે છે. જેમાં સૌથી વિકટ પરિસ્થિત નાના બાળકો તથા વૃધ્ધોની હાલત અતિ દયનિય બને છે.

અમરેલી શહેરમાં અગાઉ એક જ ડિવિઝન હોવાના કારણે જરૂરિયાતથી વધુ વીજ કનેકશનના કારણે વીજ મેઈન્ટેઈનના કામમાં મુશ્કેલીઓ ઉભી થતી હતી. જેને કારણે વીજ અધિકારીઓ દ્વારા બીજા ડિવિઝનની માંગણી કરતાં ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા યુધ્ધના ધોરણે અમરેલી શહેરમાં બીજું ડિવિઝન મંજુર કરાવી આપી તથા જરૂરી સ્ટાફ પણ આપી બીજું ડિવિઝન કાર્યરત કરાવી આપવા છતાં વીજ તંત્રના ઉચ્ચ અધિકારીઓની ઘોરબેદરકારીના કારણે લોકો આજે પણ વીજતંત્રના વાંકે શહેરીજનો ગરમીમાં શેકાઈ રહયા છે.

ઉનાળાની કાળઝાળ ગરમી શરૂ થતાં જ લોકોમાં વીજ વપરાશમાં વધારો થતો હોય છે. ત્યારે જ વીજ તંત્રને મેઈન્ટેઈનની કામગીરી કરવાનું યાદ આવે છે. જયારે શિયાળાની ઋતુમાં લોકોને વીજળીની જરૂરિયાત ઓછી હોય ત્યારે વીજતંત્ર દ્વારા કોઈ મેઈન્ટેઈનની કામગીરી પુરતા પ્રમાણમાં કરવામાં નહી આવતાં કાળઝાળ ગરમી અને ધગધગતા તાપમાં નાના વીજ કર્મચારીઓને મેઈન્ટેનન્સની કામગીરી કરવી પડે છે. જેને લઈ નાના વીજકર્મીઓની પણ હાલત કફોડી જોવા મળે છે.

વીજતંત્ર દ્વારા ગ્રાહકો પાસે વીજબિલની બાકી રકમ વસુલવા કે મિટર ચેકિંગના કામે વીજ અધિકારીઓનો કાફલો પોલીસ બંદોબસ્ત સાથે વપરાશ કરોને ઘર સુધી પહોંચી જાય છે અને વીજ વપરાશ કરતાં ગ્રાહકો પાસે ઉઘરાણી કરવામાં આવે છે. તેમ છતાં ગ્રાહક નાણાં આપી શકે તેમ ના હોય તો વીજ કનેકશન કાપી નાંખી, નાણાં વસુલવા ગ્રાહકને કોર્ટમાં પણ ઢસડી જવાતા હોય છે. ત્યારે વીજ તંત્ર જે રીતે ગ્રાહક પાસે નાણાં કઢાવે છે. તે રીતે ગ્રાહકને અવિરતપણે વીજ પુરવઠો પણ મળે તેવી વ્યવસ્થા કરવાની જવાબદારી પણ વીજ તંત્રએ ઉઠાવવી જોઈએ તેવું લોકોમાં ચર્ચાય રહયું છે.

સામાન્ય રીતે અમરેલીમાં દર ગુરૂવારના રોજ વીજ કાપ હોય છે. ત્યારે વીજતંત્ર મેઈન્ટેઈનની કામગીરી કરતું હોય છે. પરંતુ છેલ્લા થોડા સમયથી અમરેલીમાં કોઈ પણ દિવસે વીજકાપ ઝીંકી દેવામાં આવે છે.

## વાતાવરણમાં ઠંડક પ્રસરી, ખેડૂતોની ચિંતા વધી

# ભાવનગરના વાતાવરણમાં અચાનક પલટો, ભર ઉનાળે ચોમાસાની માફક વરસાદ ખાબક્યો

**ભર ઉનાળે કમોસમી વરસાદના લીધે ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી જવા પામી છે**

ભાવનગર, તા.૧૧

ગુજરાતના અનેક જિલ્લામાં આગ ઝરતી ગરમીના કારણે એપ્રિલ મહિનામાં જ લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. રાજ્યમાં સરેરાશ તાપમાનનો પારો વધતા ૪૩ ડિગ્રીને પાર થઈ ગયો છે ત્યારે ગુરૂવારથી વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અચાનક વાતારણમાં ઠંડક પ્રસરી છે ત્યારે આજે (શુક્રવારે) ભાવનગરમાં વાતાવરણમાં પલટો જોવા મળતાં ચોમાસાની માફક વરસાદ ખાબક્યો હતો. ભર ઉનાળે કમોસમી વરસાદના લીધે ખેડૂતોમાં ભારે ચિંતા પ્રસરી જવા પામી છે.

ભાવનગર શહેરમાં આજે (શુક્રવારે) આગ ઝરતી ગરમી વચ્ચે બપોર અચાનક વાતાવરણમાં પલટો આવતાં અચાનક વરસાદી માહોલ જામ્યો હતો. ભર ઉનાળે ચોમાસાની માફક વાદળો છવાયા હતા અને ગાજવીજ સાથે વરસાદ છાંટા પડ્યા હતા. કમોસમી વરસાદના લીધે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. કારણ કે હાલ ધરતીપુત્રોનો ખેતરમાં ઉભેલા પાકને નુકસાન થવાની ભિતિ છે. તો બીજી તરફ વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં શહેરીજનોને ગરમીમાં રાહતનો અનુભવ થયો છે. ૧૨ એપ્રિલનાં રોજ ગુજરાત, મધ્યપ્રદેશમાં તાપમાન ૪૦-૪૫ ડિગ્રીની આસપાસ રહેશે. તેમજ દિલ્હી-એનસીઆરમાં ૩૮-૪૦ ડિગ્રી રહેશે. જયારે હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર, આસામ, મેઘાલય, કેરળ અને તમિલનાડુમાં હળવો થી મધ્યમ વરસાદની શકયતા છે. ત્યારે રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનો સાથે વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. રાજસ્થાનના ૨૦ જીલ્લામાં એલર્ટ જરી કરવામાં આવ્યું છે. હિમાચલ, ઉત્તરાખંડ, બિહાર, ઝારખંડમાં વીજળી અને ગાજવીજ સાથે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

દેશભરમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. પશ્ચિમી વિક્ષોભ સક્રિય છે, તેની અસર જોવા મળી રહી છે. ઘણાં રાજયોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, ધૂળની આંધી ફૂંકાઈ હતી અને વરસાદ પડ્યો હતો. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ હતી અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત ૧૦ એપ્રિલે યુપી-બિહારમાં વાવાઝોડાને કારણે ૮૩ લોકોના મોત થયા હતા. આમાંથી ૬૧ બિહારથી અને ૨૨ યુપીમાં થયા હતા.

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં આવેલ દુકાનમાં ક્રિકેટનો સટ્ટો રમતા ૨ વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા.૧૧

અમરેલીમાં આવેલ કપોળ બોર્ડીગ પાછળ આવેલ તારવાડી નજીક વ્હોરા કોલોનીમાં રહેતા અસગરભાઈ ફકરૂદિનભાઈ ત્રવાડી તથા અમરેલીમાં રહેતા કુતુબભાઈ ગેરેજ વાળા નામના બંને આરોપી ગઈકાલે રાત્રે અમરેલીના જુના માર્કેટીંગ યાર્ડમાં આવેલ મધુરમ ટ્રેડીંગ દુકાન નં.૨૪ પાસે હાજર રહી અને હાલમાં ચાલતી આઈ.પી..એલ. ટી-૨૦ કિકેટ મેચમાં દિલ્હી કેપીટલ વિરૂધ્ધ રોયલ ચેલેન્જર્સ હૈદરાબાદ વચ્ચે ચાલતી આઈ.પી.એલ. ટી.-૨૦ કિકેટ મેચમાં રૂપિયા ૯૮,૦૦૦ના ઓનલાઈન બેલેન્સ વાળી આઈ.ડી. વડે હારજીતનો કિકેટ સટ્ટો પોતાના મોબાઈલ ફોનમાં રમતા રોકડા રૂપિયા ૨૧,૩૦૦તથા મોબાઈલ ફોન રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૨૬,૩૦૦ના મુદામાલ સાથે મળી આવતા પોલીસે બંને આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# ગોપાલગ્રામનાં સરપંચ હરેશભાઈ વાળાનાં પિતાજીનું અવસાન થયું





ચલાલા, તા.૧૧

ધારી તાલુકાના ગોપાલગ્રામનાં સરપંચ હરેશભાઈ વાળના પિતા ભોજભાઈ બદરુભાઈ વાળા(ઉ. વર્ષ ૬૩)નું તા. ૧૦/૪ના ગોપાલગ્રામ ખાતે દુઃખદ અવસાન થતા સમસ્ત ક્ષત્રિય સમાજ સહિત ગોપાલગ્રામમાં દુઃખની લાગણી વ્યાપેલ છે. સરપંચ હરેશભાઈ વાળાના પિતાનું અવસાન થતા ચલાલાના સભાપતી અને અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘ ના પ્રમુખ સહિત સમાજના અને રાજકીય સામાજીક આગેવાનોએ ગોપાલગ્રામ જઈને હરેશભાઈ વાળાને રૂબરૂ મળી દુઃખ વ્યકત કરી વાળા પરિવારને સાંત્વના પાઠવી દુઃખમાં સહભાગી બન્યા હતા.

## દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રૂટ ધરાવવામાં આવ્યા હતા

# શ્રી કષ્ટભંજન દેવને શ્રીલંકાથી મંગાવેલા ફૂલો અને થાઈલેન્ડના હારનો શણગાર કરાયો

**હજારો ભક્તોએ દાદાની દિવ્ય આરતી પ્રત્યક્ષ તેમજ ઓનલાઇન લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો**

સાળંગપુર,તા.૧૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ધામ ખાતે આવેલા શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને આજે (૧૧ એપ્રિલ ૨૦૨૫) શ્રીલંકાથી મંગાવેલા વિવિધ જાતના ફૂલો અને સેવંતીના ફૂલોનો દિવ્ય શણગાર કરાયો હતો. આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. વારે ૭:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાના સિંહાસનને શ્રીલંકાથી મંગાવેલા ફૂલોથી શણગારવામાં આવ્યું હતું તેમજ થાઈલૅન્ડથી દાદા માટે ફૂલોનો હાર મંગાવવામાં આવ્યો હતો. દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રૂટ ધરાવવામાં આવ્યા હતા. ૨૦૦ કિલો સેવંતીના મીકસ ફૂલનો શણગાર, ૧૦૦૮ કિલો પુષ્પોથી પુષ્પવર્ષા, ૧૦૦૮ કિલો સુખડીનો ભોગ ધરાવાયો, ૧૦૦૮ મંત્રોચ્ચારથી દાદાનું ભવ્ય પૂજન પવિત્ર બ્રાહ્મણો દ્વારા સંપન્ન થયું હતું. હજારો ભક્તોએ દાદાની દિવ્ય આરતી પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.મહત્ત્વનું છે કે શ્રી સાળંગપુર ધામમાં કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજની રાજોપચાર પૂજા ઘણી વખત કરવામાં આવે છે. ભગવાન શ્રી રામના સમર્પિત સેવક હનુમાનજી મહારાજ પણ એક રાજાની જેમ પોતાના ભક્તોના કષ્ટોને નિરંતર દૂર કરે છે, તેથી જ શ્રી સાળંગપુર ધામમાં કોઈને કોઈ કારણસર રાજોપચાર પૂજન કરવામાં આવે છે. જે ઉપચારથી રાજા પ્રસન્ન થાય છે તેને રાજોપચાર પૂજા કહે છે. શ્રી હનુમાનજી મહારાજ શાસ્ત્રોમાં પારંગત છે. જેઓ વેદોના રહસ્યો જાણે છે, તેથી જ રાજોપચાર પૂજામાં ચાર વેદના મંત્રો સૌપ્રથમ હનુમાનજી મહારાજને સમર્પિત થાય છે. ત્યારબાદ પ્રાંતિક ભાષામાં લખેલા શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો અને ગાનનું પણ હૃદયપૂર્વક પાઠ કરવામાં આવે છે. જેમ રાજાને સંગીત અને નૃત્ય ગમે છે, તેવી જ રીતે હનુમાનજી મહારાજની સામે શાસ્ત્રીય સંગીત સહિત વિવિધ સંગીતના સાધનો વડે સંગીત રજૂ કરવામાં આવે છે અને નર્તકો પણ નૃત્ય કરીને હનુમાનજી મહારાજને પ્રસન્ન કરે છે. વિવિધ વસ્ત્રો, આભૂષણો, સ્વાદિષ્ટ નૈવેદ્ય અને મંગલ નિરાજન પણ હનુમાનજી મહારાજને સમર્પિત છે.

૧૦૦ કિલોથી વધુ ગુલાબની પાંખડીઓ સાથે શ્રી હનુમાનજી મહારાજના ફૂલની વર્ષા પણ જોવાલાયક બની જાય છે. આ રીતે રાજોપચાર પૂજા આવતા ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. રાજોપચાર પૂજન પવિત્ર તહેવારો, તિથી કે ઉત્સવ દરમિયાન ઊજવવામાં આવે છે. ઘણી વખત ભક્તોના સંકલ્પ પ્રમાણે અનુકૂળ તારીખોમાં પણ આ રાજોપચાર પૂજન કરવામાં આવે છે.

## કોંગ્રેસના અધિવેશન પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કર્યા પ્રહાર

# કોંગ્રેસ પર ગરજ્યા નીતિન કાકા, દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે

મહેસાણા, તા.૧૧

ગુજરાતમાં કોંગ્રેસ પરિવર્તનની દિશામાં આગળ વધી રહી છે. આવામાં ભાજપના નેતા નીતિન પટેલે કોંગ્રેસને મોટી સલાહ આપી છે. તેમણે કોંગ્રેસ અધિવેશન વિશે સવાલ ઉઠાવતા કહ્યું કે, કોંગ્રેસને રહી રહીને યાદ આવ્યા સરદાર... દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે.

મહેસાણાના કડી ખાતે કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ કડીમાં સક્રિય કાર્યકર્તા સંમેલનમાં નીતિન પટેલ કોંગ્રેસ પર ગરજ્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસને રહી રહીને સરદાર પટેલ યાદ આવ્યા છે. કોંગ્રેસને ભગવાને બુદ્ધિ આપી અને કોંગ્રેસ ભેગી કરવા યાદ આવ્યું. ગાંધીજી, ઈન્દિરા, રાજીવના નામે કોંગ્રેસ દેશમાં નહીં ચાલે. દેશમાં ભેગું થવું હોય તો સરદાર પટેલનું નામ લેવું પડશે.

તેમણે આગળ કહ્યું કે, આલિયા,માલિયા, જમાલિયાનું નામ નહીં ચાલે. જવાહરલાલ નહેરુ હોય, ઈન્દિરા હોય કે રાજીવ ગાંધી હોય એ નહેરુ પરિવારનું નામ નહીં ચાલે. સરદાર વલ્લભભાઈનું નામ તણખલા જેવું સાબિત થઈ ચૂક્યું છે. પણ એમનું કાંઈ ચાલવાનું નથી, કોંગ્રેસ દેશમાં ખરાબ થઈ ગયા છે. દેશ વિરોધીઓને મદદ કરવી, આંતકવાદીઓને મદદ કરવી. વકફના કાયદાનો અભ્યાસ કરવો જરૂરી છે. વકફનો કાયદો ઈસ્લામી દેશોમાં નથી, આપણા દેશમાં હતો. મુસલમાન કહે ૧૦૦ વર્ષ પહેલાં મારા દાદાએ આ ખેતરમાં નમાઝ પઢી હતી. આ ખેતર વકફ બોર્ડને દાન આપી દઉં, વકફ બોર્ડ તેનો કબજો કરી લે. આવું દાયકાઓ સુધી ચાલ્યું હતું. આપણી સરકારે મુસ્લિમને અન્યાય ના થાય એવો વકફનો નવો કાયદો કર્યો છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ | તેમજ અવનવા તાજા ફરસાણ મળશે | સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫













# ''આઝાદી આંદોલનમાં મહિલાઓ''

## પગદંડી/લેખન



### – શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

ભારતીય ભૂમિખંડના આઝાદી આંદોલનની વાત લખાય ત્યારે નામો તો ઘણાં લેવાય છે, પરંતુ એમાં સ્ત્રીઓનાં નામ કેટલાં ? ૧૮૫૭ થી ૧૯૪૭નાં ૯૦ વર્ષ દરમિયાન અસંખ્ય સંઘર્ષો થયા, જેમને પ્રતાપે આ ભૂમિખંડને લૂંટબાજ વિદેશીઓની એડી તળેથી મુકિત મળી. પરંતુ એ લાંબા સમયગાળાના લોકનાયકોનાં નામોમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તથા આઝાદ હિંદ ફોજનાં કેપ્ટન લક્ષ્મી, એ બે નામોથી વિશેષ નામો ભાગ્યે જ લેવાય છે. વાસ્તવમાં, આઝાદી આંદોલનમાં મહિલાઓના ફાળા અંગે આપણે તાજેતરમાં જ સભાન બન્યા છીએ. અને હવે સંશોધન કરીએ છીએ ત્યારે કેટલીક ચોંકાવનારી હકીકતો ધ્યાનમાં આવે છે. તમને ખબર છે ૧૮૫૭ના વિપ્લવ વેળા એકલા મુઝફ્ફરનગરમાં ૨૫૫ સ્ત્રીઓને ગોળીએ દેવામાં આવી હતી; એકલા ૧૯૩૦ના વર્ષમાં ૧૭,૦૦૦ સ્ત્રીઓ જેલમાં ગઈ હતી; જલિયાંવાલા બાગની કત્લેઆમમાં ૪૨ સ્ત્રી–બાળકોનીય હત્યા થઈ હતી ! (એટલે કે છેક ૧૯૧૯માંય આઝાદી આંદોલનમાં સ્ત્રીઓ મોટા પ્રમાણમાં ભાગ લેતી હતી.)

વાસ્તવમાં, ૧૮૫૭થી નહિ, છેક ૧૭૫૭થી જ અંગ્રેજો સામેની ભારતખંડની લડાઈ ચાલુ થઈ ગઈ હતી, અને છેક પ્રારંભથી જ સ્ત્રીઓએ તેમાં ભાગ લીધો છે. આઝાદી માટેનું પ્રથમ મોટું આંદોલન બંગાળમાં 'સંન્યાસી વિદ્રોહ' નામે શરૂ થયેલું, જેમાં સાધુઓ–ફકીરોને એકત્ર કરવાનું અને પ્રેરવાનું કામ સુનંદા નામની બંગાળી મહિલાએ કર્યું હતું. મહારાણી તપસ્વિની તરીકે જાણીતી આ ઠકરાણીએ ક્રાંતિના પ્રતીક તરીકે કમળનું ફૂલ પસંદ કરીને, સાધુ–સંતોમાં કમળ વહેંચીને ક્રાંતિસંદેશ પ્રસાર્યો હતો. સુનંદા એક મઠમાં રહીને બળવાનું સંચાલન કરતી હતી. ત્યાં અંગ્રેજોની ધોંસ વધી ગઈ ત્યારે નાસીને એ નેપાળ ગઈ અને ત્યાં એણે શસ્ત્રોનું કારખાનું સ્થાપ્યું! અંગ્રેજોએ આ કારખાનુંય શોધી કાઢયું ત્યારે વેશ બદલીને એ નાસી ગઈ. એણે જિંદગીના અંત સુધી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવ્યા કરી; પરંતુ એકવાર પકડાઈ નહિ. આ જ કથા પછીથી બંકિમચન્દ્રની નવલકથા 'આનંદમઠ' માટે આધારરૂપ બની રહી.

આવી જ એક સ્વાતંત્ર્યપ્રેમી નારી કિત્તૂરની રાણી ચેન્નમ્મા હતી. એણે અંગ્રેજ સલ્તનતનો મક્કમ સામનો કર્યો. અંગ્રેજોએ તેની રિયાસત આંચકી લેવા લશ્કર મોકલ્યું ત્યારે એણે મક્કમતાથી સામનો કર્યો અને અંગ્રેજોને મારી પણ હઠાવ્યા. અંગ્રેજોએ કિત્તૂર ઉપર પહેલો હલ્લો ૧૮૨૪માં કરેલો તે પછી છ વર્ષ સુધી, એટલે કે ૧૩મી જુલાઈ, ૧૮૩૦ને દિવસે રાણી લડતાં લડતાં હારી અને કેદ પકડાઈ ત્યાં સુધી એણે અંગ્રેજોને દાદ દીધી નહોતી. એને કેદ પકડીને અંગ્રેજોએ ધારવાડમાં પૂરી દીધી હતી, અને ત્યાં જ એ લૂંટારાઓની યાતનાઓ સહન કરતી કરતી ચેન્નમ્મા મરી ગઈ. ૧૮૫૭ના આઝાદીજંગની લક્ષ્મીબાઈ જેવી કેટલીક વીરાંગનાઓનાં નામ લોકોની જીભે છે, પરંતુ અઝીઝનબાઈનું નામ કોઈએ સાંભળ્યું છે ? કાનપુરની આ તવાયફની આગેવાની હેઠળ વેશ્યાઓએ 'મસ્તાન મંડળી' નામની એક ટુકડી રચી હતી અને અંગ્રેજો સામે અસંખ્ય પરાક્રમો કર્યાં હતાં. એ બધી વિગતોથી એક પૂરા કદની નવલકથા બની શકે એમ છે. આવી જ એક સ્ત્રી–મંડળી દિલ્હીમાં ઊભી થઈ હતી, જેને અંગ્રેજોએ 'મેઈડન દિલ્હી' એવું નામ આપ્યું હતું. આ સ્ત્રીઓ પુરૂષ સૈનિકોનો વેશ ધરીને લડતી અને ખુદ અંગ્રેજોએ કબૂલ કર્યું છે કે એમણે બેસુમાર અંગ્રેજ સૈનિકોની સફાઈ કરી નાખેલી! લખનૌમાં પણ સ્ત્રી સૈનિકોની એક ટુકડી બની હતી, જે છાપામાર (ગેરીલા) પદ્ધતિએ કામ કરતી. વીસમી સદીના પ્રારંભકાળે બંગાળની સ્ત્રીશકિત ફરીવાર રણે ચઢી. ૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડવાની દરખાસ્ત કરી એ પછી તો બામ્બ–બંદૂકને વરેલી એક જબરદસ્ત ક્રાંતિકારી લડત શરૂ થઈ ગઈ. સૂર્યસેન જેવા મહાન ક્રાંતિકારીઓ પેદા થયા તો સુહાસિની ગાંગુલી, વીણા દાસ, કલ્પના દત્ત, પ્રીતિબાલા વદેદાર જેવી શૂરવીર બહેનો પણ નીકળી; જેમનાં નામ દાયકાઓ સુધી બંગાળમાં ઘરગતું નામ બની ગયાં હતાં. ગાંધીજીના આગમન પછી વળી જુદા જ પ્રકારની બેઠી તાકાતવાળી વીરાંગનાઓનો યુગ શરૂ થયો. વિદેશી માલની દુકાનો અને દારૂપીઠાં પર પિકેટિંગ (સત્યાગ્રહ) કરવા ઊભી રહેતી બહેનોની બહાદુરી બોમ્બ ફેંકતી પ્રીતિબાલા કરતાં જરાય કમ નહોતી. પહોળા ટોપાવાળા, કરડા ચહેરાવાળા અને માનવીને કૂતરાની જેમ પીટવામાં પાશવી આનંદ અનુભવતા અંગ્રેજ રાજના પોલીસવાળાઓના ઘેરા વચ્ચે ઊભા રહીને પિકેટિંગ કરવું એ કેટલાં ગજાંની વાત હતી એ આજે નહિ સમજાય. બંગાળી બામ્બ–યુગ પછી તરત જ પંજાબના ક્રાંતિકારીઓનો યુગ આવ્યો. એમાં ઉત્તરપ્રદેશ પણ જોડાયો હતો. સરદાર ભગતસિંહ તથા ચંદ્રશેખર આઝાદના યુગનાં સુશીલાદીદી, દુર્ગાભાભી, વગેરેનાં પરાક્રમો પેલા ક્રાંતિકારીઓ કરતાં કમ નહોતાં. ગાંધીયુગની વીરાંગનાઓની તો નામાવલિ જ સેંકડો પાનાંની થાય. નેલી સેનગુપ્તા, સરોજિની નાયડુ, અરૂણા અસફઅલી, પ્રભાવતીદેવી, સરસ્વતીદેવી, મીરાબહેન, સિસ્ટર નિવેદિતા, મેનાદેવી, રાધા રાય સુબ્બારાયન, સોફિયા સોમજી, મંગલાબહેન, ત્રિશલાદેવી, રાણી ગિડાલો... વગેરેનાં નામ તો ઈતિહાસ હજુ જાણે છે; પરંતુ હજારો હજારો અનામી વીરાંગનાઓએ ગાંધીવાદી સ્વાતંત્ર્ય લડતોમાં ખૂબ ખૂબ ભાગ લીધો છે અને બહુ બહુ બલિદાન આપ્યાં છે. મીઠુંબેન પીટીટ જેવાંએ લાખોની સંપત્તિ રાષ્ટ્રને ચરણે હોમી દીધી હતી, મૃદુલા સારાભાઈ જેવાંએ કરોડોની મિલકત મૂકીને ભૂમિશય્યા સ્વીકારી હતી તો અમૃતકુંવર જેવી રાજકુમારીઓએ રાજમહેલના એશઆરામ છોડીને ખાદીધારી સત્યાગ્રહીનું જીવન સ્વીકાર્યું હતું. અને સાધારણ ઘરની બહેનોને તો આજે ઓળખે છે જ કોણ ? હરિદ્વારનાં પાર્વતીબાઈ ૧૯૮૪માં ૧૦૩ વર્ષનાં હતાં. એમના કુટુંબનાં તમામ સભ્યોને જામપુર સત્યાગ્રહમાં ગોળીએ મારવામાં આવ્યાં હતાં, અને ખુદ પાર્વતીબાઈને જેલમાં પૂરવામાં આવ્યાં હતાં. ૧૯૩૮માં મહેસૂર સત્યાગ્રહમાં દુર્ગા અને ઈલા નામની બહેનો ગોળીઓ ખાઈને મરી હતી. ગોપાલદુર્ગમાં રાષ્ટ્રધ્વજ ફરકાવવા જતાં એમના પર ગોળીઓ છોડવામાં આવી હતી. બિહારની તારારાણી શ્રી વાસ્તવે પણ પોતાનાં તમામ કુટુંબીઓને આઝાદી આંદોલનમાં ગુમાવ્યાં છતાં પોતે સત્યાગ્રહોમાં ભાગ લેવાનું છોડ્યું ન હોતું. વાસ્તવમાં વીસમી સદીના ત્રીજા દાયકા સુધીમાં સ્ત્રીશકિતએ હદે જાગ્રત થઈ ચૂકી હતી કે પુરૂષોની ગેરહાજરીમાં તેજાતે જ આઝાદી આંદોલનનો સંપૂર્ણ દોર ઉઠાવી લઈ શકે. આથી જ પંડિત જવાહરલાલ નેહરૂએ ભારતની ખોજ (ડિસ્કવરી આફ ઈન્ડિયા)માં લખ્યું છે : (૧૯૩૦ના સત્યાગ્રહ વેળા) ઘણાખરા પુરૂષો જેલમાં હતા ત્યારે એક અદ્‌ભુત ઘટના જોવા મળી. આપણી મહિલાઓ અગ્રમોરચે આવી અને એમણે સંઘર્ષનો હવાલો સંભાળી લીધો. મહિલાઓ તો આઝાદી આંદોલનમાં હંમેશાં હતી જ; પરંતુ હવે તો એમનું રીતસરનું પ્રચંડ પૂર આવ્યું. એ પૂરથી બ્રિટિશ સરકાર નવાઈ પામી ગઈ એટલું જ નહિ, ખુદ ભારતીય પુરૂષવર્ગ પણ ડઘાઈ ગયો.

**ગાંગી વૈદ્ય**

**સૌજન્ય : નવચેતન**



# બાલ એક્સપ્રેસ



**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## જાનું અને સોનેરી માછલી


નંદપુર નામનું એક સરસ મજાનું ગામ હતું. આ ગામમાં જાનુ નામની એક છોકરી રહેતી હતી. જાનું ખૂબ માયાળુ હતી. દયા તેને વારસામાં મળી હતી. તેના દાદીમાં રોજ રાત્રે તેને સરસ મજાની વાતો કહેતાં. નંદપુરમાં એક મુશ્કેલી હતી. પ્રાથમિક શાળા તો ગામમાં આવેલી હતી. પણ હાઈસ્કૂલમાં ભણવા માટે નદીનાં સામા કાંઠે જવું પડતું. જાનું અને તેની બહેનપણીઓ રોજ નાવમાં બેસીને નદીના સામા કાંઠે નંદનવન હાઈસ્કૂલમાં ભણવા જતી. જાનું રોજ ઘરેથી રોટલીનો લોટ લઈ જતી. નાવમાં બેસીને તે લોટની નાની નાની ગોળી બનાવતી અને માછલીઓને નાખતી. માછલીઓને તો મજા આવી જતી. માછલીઓમાં એક નાની સોનેરી માછલી હતી. તેને તો જાનું સાથે મિત્રતા થઈ ગઈ. બંને બહેનપણીઓ ખૂબ વાતો કરતી. જાનું તો તેને નાવમાં બેઠાં બેઠાં પંપાળતી પણ ખરી ! સોનેરી માછલી તો રોજ સામા કાંઠા સુધી તેની સાથે પાણીમાં તરતી તરતી આવતી. સાંજે જયારે શાળા છુટે ત્યારે પણ તે નાવ પાસે આવી પહોંચી જ હોય. બંને પાછી અવનવી વાતો કરતી. જાનુની એક બહેનપણી રીંકલ હતી. રીંકલ સહિત બધી છોકરીઓ માછલીનાં બચ્ચાંઓને ખુબ હેરાન કરતી. માછલીનાં નાનાં બચ્ચાં લોટની ગોળી ખાતાં હોય ત્યારે તેને હાથથી પકડી નાવમાં મુકી દેતાં. બિચારાં નાનાં બચ્ચા તરફડીને મૃત્યું પામતાં. જાનુ ઘણી વખત રીંકલને કહેતી કે, ''આ રીતે માછલીનાં બચ્ચાને હેરાન ન કરાય. તેમણે આપણું શું બગાડયું છે? તેમને પણ આપણા જેટલો જ જીવવાનો અધિકાર છે. માછલી સહિત કોઈ પણ પશુ – પક્ષીને હેરાન કરાય નહી.'' જાનુની વાતથી મોં ચડાવી રીંકલ કહેતી. 'મને તેને હેરાન કરવામાં ખૂબ જ મજા આવે છે. નાવમાં તે કેવી ડિસકો કરતી હોય છે ?'' ''તે ડિસ્કો નથી કરતી હોતી, પણ શ્વાસ ન લઈ શકવાને કારણે તે તરફડતી હોય છે.'' રીંકલને સમજાવતાં જાનું બોલી.

વાતને દોહરાવતાં રીંકલ બોલી, ''મને જેમાં મજા આવે છે તે હું કરીશ જ.''

જાનુને દુઃખ થતું કે તે રીંકલને સમજાવી નથી શકતી. એક વખત ચોમાસામાં જાનં અને તેની બહેનપણીઓ નાવમાં બેસીને

### જાનું અને સોનેરી માછલી (બાળવાર્તા સંગ્રહ) પ્રકાશ કુબાવત

હાઈસ્કૂલે જતી હતી. નદીનાં ઉપરવાસમાં ભારે વરસાદ પડયો હશે. આથી નદીમાં ઘોડાપુર આવ્યું. નાવ આખી હાકલ ડોલક થવા લાગી.




નાવમાં કાણું પણ પડી ગયું. ધીમે– ધીમે નાવમાં પાણી ભરાવવા લાગ્યું. બધી છોકરીઓ રડવા લાગી. સોનેરી માછલીથી તેઓનું દુઃખ ન જોવાયું. તરત જ તેણે તેની મમ્મીને વાત કરી. સોનેરી માછલીની મમ્મીએ તરત જ તેની બહેનપણીઓને બોલાવી અને કહયું કે, 'જાનું અને તેની બધી બહેનપણીઓ અત્યારે ખૂબ જ મુસીબતમાં છે. આપણે જાનું સહિત બધીને બચાવવી જ જોઈએ.'' ''આપણે શું કરવાનું છે તે કહો જોઈએ ?'' સોનેરી માછલીની મમ્મીની ખાસ બહેનપણી રૂપેરી માછલીએ પુછયું. ''આપણે બંધા આપણી પીઠ પર એક એક છોકરીઓ બેસાડી દઈશું. માંડ દસેક છોકરીઓ છે. તેમને સાચવીને સામા કાંઠે લઈ જઈશું. આપણે ઝડપથી આ કામ કરવાનું છે.'' સોનેરી માછલીની આગેવાનીમાં બધી માછલીઓ નાવ પાસે પહોંચી ગઈ. બધી માછલીઓએ પોતાની પીઠ ઉપર એક–એક છોકરીને બેસાડી દીધી. ખૂબ સાચવીને બધી માછલીઓએ બધીને સામા કાંઠે પહોંચાડી દીધી. સાંજે શાળા છુટી ત્યાં સુધીમાં પૂર ઓસરી ગયું હતું. નાવ પણ રિપેર થઈને છોકરીઓને લેવા આવી ગઈ હતી. સાંજે ઘરે જઈને જાનુએ તેની મમ્મીને બધી વાત કરી. તેની મમ્મીએ સોનેરી માછલીનો ખૂબ ખૂબ આભાર માન્યો. બીજા દિવસે જાનુએ જોયું તો તેને ખૂબ જ અચરજ થઈ. રીંકલ સહિત બધી વિદ્યાર્થીનીઓ લોટની ગોળી માછલીઓનાં બચ્ચાને નાખતી હતી અને તેને પંપાળતી પણ હતી. જાનુથી ન રહેવાયું. તેણે પૂછયું કે, ''કેમ આજ માછલીનાં બચ્ચાંને રંજાડવાને બદલે લોટની ગોળીઓ નાખો છો?'' જવાબમાં રીકલે કહયું કે, ''રાત્રે અમે કાલે જે બન્યું હતું તે ઘરે જણાવ્યું. સોનેરી માછલીને લીધે અમારો જીવ બચી ગયો તેમ પણ જણાવ્યું. અમે તેને હેરાન કરતાં હતાં, છતાં પણ સોનેરી માછલીએ અમારા બધાંને જીવ બચાવ્યો તેમ પણ કહયું.'' રીંકલની મમ્મીએ પ્રેમની રીંકલના માથા ઉપર હાથ ફેરવીને કહયું કે, ''કોઈ પણ પશુ–પક્ષીને હેરાન કરાય નહીં. હવે તને સમજાયું ને? તે બિચારાં આપણા મિત્ર બનવા તૈયાર જ હોય છે !'' રીંકલને તેના મમ્મીની વાત ગળે ઉતરી ગઈ. હવે બધી બહેનપણીઓમાં આવેલું પરિવર્તન જોઈ જાનું ખૂબ જ ખુશ થઈ.

## ડો.બાબા સાહેબ આંબેકડર

**જન્મ : – ૧૪ એપ્રિલ, ૧૮૯૧**
**મહાપ્રયાણ : ૬ ડિસેમ્બર, ૧૯૫૬**

ડો. ભીમરાવ રામજી આંબેડકરનો જન્મ ૧૪ મી એપ્રિલ, ૧૮૯૧ ના રોજ મધ્ય પ્રદેશના મહુમાં થયો હતો. અને તેમનું વતન મહારાષ્ટનાં રત્નાગીરી જિલ્લાનું આંબાવાડે ગામ હતું. આ ગામ પરથી જ તેમની અટક આંબેકડર પડી હતી. તેમના પિતાનું નામ રામજી માલોજી સકપાલ અને માતાનું નામ ભીમાબાઈ હતું. અનુસૂચિત જાતિના મહાર કુંટુંબના જન્મ્યા હતા. પ્રાથમિક અભ્યાસ અહીં જ પૂર્ણ કરી તેઓ ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેનડ ગયા હતા. ૧૯૨૩માં બેરિસ્ટર બન્યા બાદ તેઓ જર્મની ગયા. પરંતુ ટુંક સમયમાં ભારત પરત ફર્યા. વતન પરત ફરીને તેમણે અનુસૂચિત જાતિના લોકો માટે ખૂબ કામ કર્યા. અછૂતોને સવર્ણો અને અંગ્રેજો સમાન અધિકારો નહોતા આપતા, કૂવેથી પાણી નહોતા પીવા દેતા, મંદિરમાં પ્રવેશવા દેતા નહોતા. આ બધી બાબતોનો વિરોધ કરીને તેમણે દલિતોના ઉદ્ધાર માટે ખૂબ કામ કર્યો. લોકોને સંદેશ આપ્યો કે સંગઠિત બનો, શિક્ષિત બનો, આમ ધીમે ધીમે તેઓ ખ્યાતનામ થયા અને તા.૧૪ મી ઓગસ્ટ ૧૯૩૧ માં ડો.આંબેકડર






અને ગાંધીજીની પ્રથમ મુલાકાત થઈ. ૭ મી સપ્ટેમ્બર ૧૯૩૧માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ મળી અને એમાં ડો.આંબેકડર અનય ભારતીય નેતાઓ સાથે હાજર રહયા. તેમણે અછૂતોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી. થોડા મતભેદો થયા પણ ડો.આંબેકડર તેમની માંગણીઓમાં મકકમ રહયા. ૧૯૪૬માં ડો.આંબેકડર ભારતની બંધારણસભામાં ચૂંટાયા. ભારતના ભાગલા પછી ભારત–પાકિસ્તાન અલગ દેશો અસ્તિત્વમાં આવ્યા અને ૩ ઓગસ્ટ ૧૯૪૭માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડો. આંબેડકર ભારતના પ્રથમ કાયદ પ્રધાન બન્યા. ૨૯ ઓગસ્ટે ડો.આંબેકડરની ભારતના બંધારણીય ડ્રાફિંટગ કમિટિના પ્રમુખ તરીકે વરણી થઈ. ૪ નવેમ્બરે ૧૯૪૮ ના રોજ ડો.આંબેકડરે ભારતના બંધારણસભાની બહાલી માટે રજુ કર્યુ. મુખ્યત્વે બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યુ. આ વખતે બંધારણસભાના પ્રતિનિધિઓ તેમજ ડો.રાજેન્દ્ર પ્રસાદે ડો.આંબેકડરની સેવા અને કાર્યના મુકત કંઠે વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો. આમ દેશ આઝાદ ભારતના બંધારણના ઘડવૈયા તરીકે તેમણે એક ક્રાંતિકારી કાર્ય કર્યુ હતું અને આજે પણ તેઓ આ માટે સમગ્ર દેશમાં પૂજાય છે. સમય જતાં તેમની તબિયત લથડી અને અંતે ૬ ડિસેમ્બર ૧૯૫૬ની વહેલી સવાર દિલ્હીમાં તેમનું અવસાન થયું.

**મેરે ભારત દેશન કી ગાથા બડી મહાન, મહિમા ઈસકી ગા રહા આજ સારા જહાન**

## બાળકના કૌતુકને બુઝાવો નહી




બાળકમાં અપાર કૌતુક રહેલું છે. શરૂઆતમાં એ રૂદનથી પછી નેત્રો દ્વારા પછી અસ્પષ્ટ મુદ્રાઓ અને વિશિષ્ટ ધ્વનિઓ અને છેવટે પ્રશ્નાર્થ ભાષામાં એ કૌતુક અભિવ્યકત થાય છે. બાળકમાં રહેલું આ કૌતુક તેજસ્વી પ્રતિભાઓમાં આજીવન જળવાય છે. પરંતુ કેટલાક શિક્ષકો અને કેટલાક વાલીઓ જિજ્ઞાસાની આ જયોતને બુઝવવા મથે છે. અધુરો જવાબ આપવો જવાબ જ ન આપવો અને નકારાત્મક વિધાનો ઉચ્ચારવા અ બાળકની જ્ઞાનસૃષ્ટિનું અપમાન છે. તારે શું કામ છે પૂછ પૂછ ન કર ચૂપ રહે પછી કહીશ મને ખબર નથી. ખોટા પ્રશ્નો ન કર... વગેરે વિધાનો દ્વારા આપણે એના કૌતુકની ડોક મરડી નાંખીએ છીએ. કૃષ્ણ થવું સહજ છે પણ નંદરાય થવું અઘરું છે. ડો. વિક્રમ સારાભાઈ થવું સરળ છે. પણ અંબાલાલ સારાભાઈ થવાનું કામ કપરું છે. પ્રતિભાનો ભેદ ઘણીવાર વાલીના વિદ્યાલયના કે ઉછેરના ભેદ હોય એવું જોવા મળેમળે છે અને ગ્રંથાલય પ્રયોગશાળા અને મેદાનના તફાવતને કારણે પણ એક બાળક આગળ અને અન્ય પાછળ હોવાનું જોવા મળે છે. બાળ પ્રભિાનો પ્રથમ આવિષ્કાર જ કૌતુક છે. એને પરિતૃપ્ત કરો.

## વિચાર માળાનાં મોતી

સાચું બોલવાનો એક ફાયદો એ છે કે પછી, આપણે શું બોલેલા તે યાદ રાખવું પડતું નથી. જિંદગીનું સર્વોપરી સુખ એ છે કે બીજાઓ આપણે ચાહતાં હોય. સુખી તેઓ છે જે સ્વપ્નાં સેવે છે, અને તેને સાચા પાડવા માટેની કિંમત ચૂકવવા તત્પર હોય છે. સુખ એટલે આપણી પહોંચમાં હોય તેટલાં ફૂલોનો ગજરો બનાવવાની કળા. આપણી પાસે કેટલું છે તેમા નહીં પણ આપણે કેટલું માણી શકીએ છીએ તેમાં સુખ સમાયેલું છે.

### ભાગ–૨

**જગદીશભાઈ પટેલ**


આ લોકો માછીમારી કરીને આજીવિકા રળતા હતા. પછી અહીં આરબ વ્યાપારીઓ આવવા લાગ્યા. એટલું યાદ રહે કે આરબો, પોર્ટુગીઝો, ડચો અને અંગ્રેજો વગેરે નાવિકો માછીમારી કરવા સમુદ્ર ખેડતા ન હતા. તેમની મહત્વાકાંક્ષા જુદી હતી. શરૂઆતમાં આ બધાં મસાલાની શોધ અને વ્યાપાર એકતાનું કારણ બનતી હોય છે. જેમની પાસે આવી કોઈ કેન્દ્રીય તીર્થભૂમિ નથી હોતી તેઓ બધા વર્ષમાં એકાદ વાર પણ એકત્રિત થઈને એકતાનું પ્રમાણ આપી શકતા નથી. ઈસ્લામમાં આવી પવિત્ર ભૂમિ મક્કા છે. અને તેની જીવનમાં એક વાર હજ કરવી એ અનિવાર્ય પાંચ કર્તવ્યોમાંનું એક કર્તવ્ય છે. એટલે આખી દુનિયાના મુસલમાનો મકકા તરફ




માટે નીકળ્યા હતા. પણ પછી રાજકર્તા તરીકે સ્થાપિત થઈ ગયા હતા. આમાં આરબો અને પોર્ટુગીઝો મુખ્યતઃ ધર્મવૃદ્ધિની મહેચ્છા પણ રાખતા હતા. આરબોના પ્રભાવનાં આવેલા રાજા પેરૂમલે ઈસ્લામનો સ્વીકાર કર્યો અને મક્કાની હજ કરવા માટે વહાણો લઈને નીકળી પડયો. પ્રત્યેક ધર્મનાં ત્રણ કેન્દ્રબિંદુઓ હોય છે. : (૧) તેનો ધર્મગ્રંથ (૨) તેના આદિ પ્રવર્તક અને (૩) કોઈને કોઈ પવિત્ર તીર્થભૂમિ.

ધર્મગ્રંથથી આખી વ્યવસ્થા નિર્ધારિત થતી હોય છે. અને પ્રવર્તક ચાદિપુરૂષથી પ્રેરણાઓ મળતી હોય છે. કોઈ તીર્થભૂમિ બધાં અનુયાયફઓને એક જગ્યાએ ખેંચી લાવી દોડતા રહે છે. રાજા પેરૂમલ પણ મકકાની હજ કરવા ગયો. પણ ઘણા સમય પછી પણ પાછો ન આવ્યો. તેથી કેરળની સ્થાનિક મંત્રીપરિષદને ચિંતા થઈ. આ લોકો કેટલાંક જહાજો. નાવિકો અને સૈનિકો લઈને રાજાને શોધવા નીકળી પડયા. એવામાં સમુદ્રમાં તોફાન આવ્યું. સમુદ્ર કદી તોફાન વિનાનો હોય જ નહીં જેણે સમુદ્રખેડૂ બનવું હોય તેણે તોફાની જીવનમાં કુદી પડવું પડે. સમુદ્રની માફક જે લોકો મહાન હોય છે. તેઓ પણ તોફાન વિનાના હોતા નથી. તેમનાં ઝંજાવાતોથી ઈતિહાસ રચાતો હોય છે. જે લોકો તોફાન વિનાનું શાંત જીવન જીવતા હોય છે. તેઓ મોટા ભાગે નિષ્ક્રિય અને ઈતિહાસ વિનાના હોય છે.

**બાલમિત્રો,**



આ જગતમાં ભેદભાવ, તરકટ, ખોટું, ભેદભ્રમ લાંબો વખત રકતાં જેમ થોડો સમય તમે સમાજને જગતને ભરમાથી શકશો. લોકો પણ ખોટું સાચુ માની તમારી વાતમાં હો ભવાશે. આ જગતમાં આવું ઘણું ચાલે છે. આવા ખોટા, ઢોંગી માણસો હોય છે. તેઓ પોતાની વાતમાં ફસાવે છે. અભણ,, અલ્પમતિ, લોભી માણસો તેમની વાતમાં ચાલમાં ફસાય જાય છે. ને પછી લાખો રૂપિયા લુંટાય જાય છે. પછી પોલીસ ફરિયાદ કરે છે.

આવું મોટેભાગે મોબાઈલમાં લોકો ફસાઈ છે. મોબાઈલ જેટલો ઉપયોગી લાભદાયી છે. એટલો જ ભયજનક પણ છે. આપણે જો ચુકયા તો ફસાયા સમજો દરરોજ છાપામાં આવા કેસ છપાતા હોય છે. મોબાઈલ સાચા અર્થમાં બહુ ઉપયોગી છે. પણ તે માટે બેપરવાહી બની જાઈએ તો લુંટાઈ જવાનું બને છે. તેમાં આદત બની જઈએ તો પણ ઘણું નુકશાન થાય છે.

માટે બાળમિત્રો, લેભાગુ માણસોની વાતમાં ન આપવું અને મોબાઈલનો ઉપયોગ હોય તેવો વિવેકથી ઉપયોગ કરવો જાઈએ.

## બોલે તે બે ખાય

એક હતો કાકરો અને એક હતો ભત્રીજા. બંને જણા એક વાર જજમાનમાં નીકળ્યા. રામપુર જેવું ગામ. જઈને જજમાન ઉતર્યા જજમાને તો માનપાન દીધાં ને ગોરમહારાજને લાડવા કરવાનું કહયું. કાકાભત્રીજાએ ખાખરા શેકીને ચૂરમું કર્યુ. ને લાડવા વાળ્યા ત્યારે પાંચ થયા. હવે કાકો – ભત્રીજો વિચાર કરવા લાગ્યા કે ભાગ કેવી રીતે પાડવા ? લાડવો ભાંગીને ભાગ પાડવાનું એકેયને ન ગમ્યું. છેવટે કાકાભત્રીજાએ એમ ઠરાવ્યું કે આપણે મૂંગા બેસો. બોલે તે બે ખાય. કાકો ભત્રીજો તો બોલ્યાચાલ્યા વિનાનાં લાંબા થઈને સૂતા. જજમાન આવીને જુએ છે તો કોઈ બોલે કે ચાલે ! ઘણુંયે બોલાવ્યા પણ કોઈ જવાબ આપે ત્યારે ના? બધા કહે –કોણ જાણે એરૂબેરૂં કરડયો હોય ને મરી ગયા હોય તો !

જજમાન કહે – ત્યારે ચાલો હવે બ્રાહ્મણના દીકરા છે. તે ઠકાણે તો પાડીએ ! બધાય વાતો કરતા હતા. ને આ કાકોભત્રીજો પડયા પડયા સાંભળતા હતા. મનમાં કહે : આ તો ભારે થઈ છે ! પણ કોણ બોલે ? બોલે તો બે જ લાડવા મળે ના ?

ગામના માણસો ભેગા થયા ને ઠાઠડી તૈયાર કરી. કાકાભત્રીજાને તો કચકચાવીને બાંધ્યા. પણ બેમાથંથી એકેય બોલે તો કે? એ તો જાણે સાચેસાચાં મડદાં ! 'ઓ... ઓ... ઓ....' કરતા બધા એમને સ્મશાને લઈ ગયા. સ્મશાનમાં ચિતા ખડકીને બેઉ જણને સુવાડયા. બીજા બધા તો નદીએ નાહવા ગયા હતા, માત્ર પાંચ જણા ત્યાં બાકી હતા. જજમાને બિચારે પૂળો સળગાવ્યો ને ''ઓ....ઓ....!' કરીને ચિંતાને આગ મૂકી. કાકો મનમાં વિચાર કરે છે. – બળી મરીએ તો કંઈ નહિ. લાડવા બે નથી ખાવા. ખાવા તો ત્રણ ખાવા, નહિતર કાંઈ નહિ !

ભત્રીજે વિચાર્યુ.... માર્યા! આ તો ત્રણ લાડવા ખાવા જતાં સમૂળગા જીવના જઈશું. છેવટે ભત્રીજો બોલ્યો – એલા ભાગજે! ત્રણ તારા ને બે મારા.

એમ કહયું ત્યાં તો કાકોભત્રીજો બંને ચિતામાંથી બેઠા થયા. પેલા પાંચે જણા કહે – ભાગો એલા ! આ તો ભૂત થયા. પાંચે જણા જાય દોડયા !

કાકોભત્રીજો તો દોડતા દોડતા જજમાનના કોઢિયામાં જઈને લાડવા ખાવા બેસી ગયા, ત્રણ કાકાનાં બે ભત્રીજાના.

### બાલ કથાઓ




ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

## ટાઢી ખીર

**અર્થ :** વિકટ, કપરૂ કામ.

વાર્તા : કુણાલ પોતાના ઘરની બહાર ઓટલા પર બેસી ખીર ખાતો હતો. એટલામાં એક આંધળો ભિખારી ભીખ માંગવા આવ્યો. ''બાબા, ભગવાન કે નામ પર કુછો દે દો.''ની ટહેલ સંભાળી કુણાલે પૂછયું, ''સુરદાસજી, ખીર ખાશો ?'' ભિખારીએ કહ્યું, ''બેટા, મેં આજ સુધી ખીર જોઈ કે ચાખી નથી. તે કેવી હોય છે ?'' કૃણાલે જવાબ આપ્યો, ''સુરદાસજી તમે કેવી રીતે જોઈ શકો. કમનસીબે ભગવાને તમને આંખો નથી આપી એટલે... પણ ખેર ! ખીર સફેદ રંગની હોય છે.''સુરદાસે પૂછયું, ''બેટા, સફેદ રંગ કેવો હોય છે ?'' કુણાલ હવે મૂંઝાયો કે શો જવાબ આપે ? ખૂબ વિચાર કરી કહ્યું, ''બગલા જેવો સફેદ.'' સુરદાસે વળી પૂછયું, ''બગલો કેવો હોય છે ?'' વિનોદ ફરી મૂંઝાયો.



છેવટે તેણે સુરદાસજીને બગલાનો આકાર બતાવવા હાથ વાંકો કરી બગલાની ગરદન જેવો ઘાટ બનાવ્યો અને કહ્યું, ''તમારા હાથથી મારા હાથને અડકી જુઓ. બગલાની આકૃતિ તમારી સમજમાં આવશે.''

સુરદાસે કુણાલના હાથ પર હાથ ફેરવ્યો. હાથનો વાંકોચૂકો દેખાવ જોઈ સુરદાસે કહ્યું, ''ના, બેટા ના ! આ તો બહુ ટેઢી ખીર છે. તેને ખાવામાં બહુ તકલીફ પડશે. રોટી હોય તો લાવી આપ બેટા.''

# પહેલાં આત્મબળ મેળવો


વિવેકનો આશ્રય
સચિત્ર બાળવાર્તાઓ
પ્રકાશક : યુગનિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

કેટલાક લોકો એક વટવૃક્ષ નીચે બેસીને વાર્તાલાપ કરી રહ્યા હતા. તેઓ બધાય સંસારની મુશ્કેલીઓથી કંટાળીને ભાગી આવ્યા હતા અને સાધી બની જવાના હતા. તેમનામાંના એકે કહ્યું કે આપણે બધા એક જગ્યાએ જંગલમાં રહીશું અને તપસ્યા કરીશું, પરંતુ જયારે ભગવાન વરદાન માગવાનું કહેશે ત્યારે શું માગીશું એ તો વિચારો. બીજાએ કહ્યું કે અનાજ માગીશું. તેના વગર જીવતા રહેવું અશકય છે. ત્રીજાએ કહ્યું કે બળ માગીશું. બળ વગર બધું નકામું છે. ચોથાએ કહ્યું કે બુદ્ધિ માંગવી વધારે યોગ્ય છે. દરેક કામમાં બુદ્ધિની જરૂર પડે છે. પાંચમો બોલ્યો કે આ બધી વસ્તુઓ તો સાંસારિક છે. મનુષ્યના જીવનનું અંતિમલક્ષ્ય તો આત્મશાંતિ છે, તેથી એ જ માગીશું.

ત્યારે પહેલા માણસે કહ્યું કે તમે બધા મુર્ખ છો. આપણે સ્વર્ગ શા માટે ના માગી લઈએ ? ત્યાં બધી જ વસ્તુઓ એક સાથે મળી જશે. આ સાંભળીને વિશાળ વટવૃક્ષે ખડખડાટ હસીને કહ્યું, "મારી વાત સાંભળો. તમારા લોકોથી તપસ્યા પણ નહિ થાય કે તમને કોઈ સિદ્ધિઓ પણ નહિ મળે કારણ કે જો તમારામાં એટલું મનોબળ હોત તો સંસારની મુશ્કેલીઓથી ગભરાઈને ભાગી ના આવત. ભગવાનને મેળવવા માટે પ્રચંડ આત્મબળ જોઈએ. પહેલાં તેને પ્રાપ્ત કરવાની સાધના કરો, પછી આગળની વાત વિચારો."



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
## જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ.
૨. કીર્તિનો લોભ હોય અને ઘરનો લોભ હોય ત્યાં ત્યાં દંભ આવે જ છે.
૩. તાળી એ તો નાદબ્રહ્મ છે. નાદબ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય.
૪. કેટલીકવાર જોવામાં આવે છે, કે પાપી સુખ ભોગવતો હોય છે. પણ આ તેના પૂર્વજન્મના કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ થાય છે. કોઈ પુણ્યશાળી જીવ દુઃખી દેખાય તો સમજવું કે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે.
૫. મનુષ્યને અનેક વખત એ પાપ કરી રહ્યો છે તેનું ભાન થાય છે, પણ તે પાપને છોડી શકતો નથી. પાપની આદત બહુ ખરાબ છે. પાપને મનમાં ઘર કરવા દેશો નહીં.
૬. ઈન્દ્રિયોમાં આત્મા એટલો મળી જાય છે કે, ઈન્દ્રિયો પાપ કરે છે તે જુએ છે પણ તેને રોકતો નથી.
૭. મનમાં પાપનો વિચાર આવે તે ક્ષણે તેને કાપી નાખો. જેના પેટમાં પાપ આવ્યું તેને પાપ છોડશે નહીં. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો.
૮. જો પાપ થોડો વખત મનમાં ઘર કરશે તો પછી તેને અટકાવવું મુશ્કેલ થઈ પડશે.
૯. મન સાથે છે, એટલે વનમાં પણ એટલે કે જયાં પણ જશો ત્યાં પાપ કરવાના પ્રસંગો આવશે જ.
૧૦. વાસનામાં ખેંચાયેલો જીવ અંતરાત્મા ના પાડે, તો પણ પાપ કરે છે. અનેકવાર વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે ત્યારે પાપ થઈ જાય છે. અમુક વખતે પાપ કરવાનો પ્રસંગ આવે, પાપ કર્યા વગર ન જ રહેવાય, પાપ કર્યા વગર છૂટકો કે ન ઉપાય જ ન હોય ત્યારે, પાપ કરતી વખતે ભગવાનને સાથે રાખીને જ પાપ કરવાનું.

# દરિયાના કાન–નાક

સુજલની સાહસકથા
નલિન મહેતા
પ્રકાશક : ભદ્રા મહેતા

"અમે તો અમારૂ બંધુ કામ પાકકે પાયે હોય, શું સમજયા ખંજરસીંગભાઈ ?" કાળુ કાઠીયાવાડીએ લાક્ષણિક શૈલીમાં પોતાની હાજરી નોંધાવી.

ઘોઘરો સાદ ફરી સંભળાયો : "ઠીક છે. મુંબઈ પહોંચી મોટુમલજીને કહેજો અમારા સરદારને ફોન કરે."

"સરદાર એટલે બેબસન સાહેબ ઉર્ફે..." એક ઝીણ સટ્ટો સ્વર, પોતે ચર્ચામાં બાકી ના રહી જાય તે ઉદેશ્યથી હવામાં ગુંજી રહ્યો.

"ચૂપ કર પટ્ટમ," ખંજરસીંગ બરાડયો, "જાણતો નથી, દીવાલોને પણ કાન હોય છે ?"

"હો હો, હાહા, હીહી !" પટ્ટમપીલ્લે એ અટ્ટહાસ્ય કરી વાતાવરણ ગજાવ્યું : "અલ્યા ખંજર, અહીંયા કયાં કોઈ દીવાલ છે ? મને તો ચારો તરફ દરિયો જ દેખાય છે. દરિયાને તે વળી કાન હોતા હશે."

ખંજરસીંગે વાતનો વિષય બદલવા આતુર હોય તેમ કિનારા તરફ નજર ઘુમાવી પૂછતો જણાયો : "આ સામે દીવાદાંડી જેવું શું છે ? ત્યાંથી કોઈ આપણી હિલચાલ ઉપર નજર તો નહિ રાખી રહ્યું હોય ને ?"

"અરે ના રે ના, આ કાળુ કાઠિયાવાડી એવી ભૂલ ના કરે." પોતાના બણગા ફૂંકાતા તેણે એ અવાવરૂ સ્થળ વિષેની લોકવાયકા કહી સંભળાવી – જે મહાનદના પાતાળકૂવાની દંતકથા શિહોર, બોટાદ અથવા પાલિતાણામાં આવતો હતો.

ઝીણસદા પટ્ટમ પીલ્લને ટીખળ કરવાનુ સુઝયું : "અને પેલું દરિયાના નાક જેવું શું છે ? ત્યાં કોઈ ખજાનો બજાનો તો દાટેલ નથી ને ?" "એ તો દરિયાઈ ગુફા છે," કાળુભાઈ બોલ્યા : "અત્યારે ઓટને લીધે એ જોઈ શકાય છે. પણ પટ્ટમભાઈએ કોઈ ખજાનો સંતાડવા કામ આવે તેવો નથી. તેમાં કશુંક નાખી શકાય, પણ પાછું કાઢવા જતાં ડૂબી જવાય."

# "વિરોધીને જાત સોંપી"

મારા ગાંધીબાપુ
ઉમાશંકર જોશી
સંપા. મહેન્દ્ર મેઘાણી

બિહારમાં ચંપારણમાં ગળીના ઉત્પાદક ગોરાઓના અત્યાચારોની બાપુજીએ તપાસ શરૂ કરી. ઠેર ઠેર શાળાઓ સ્થાપી લોકોમાં જાગૃતિ ફેલાવી. ગોરાઓ ગભરાયા.

કોઈએ આવીને ગાંધીજીને બાતમી આપી કે અમુક ગોરો માલિક વધુ પડતો દુષ્ટ છે અને આપનું ખૂન કરાવવા ચાહે છે, તેણે મારાઓ પણ રોકયા છે.

એક રાત્રે ગાંધીજી એકલા પેલા ગોરાને બંગલે પહોંચી ગયા અને કહેવા લાગ્યા : "મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે મારાઓ રોકયા છે, એટલે કોઈને કહ્યા વગર હું એકલો આવ્યો છું."

સાંભળીને ગોરો તો સ્તબ્ધ બની ગયો.

# ‍જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) ભારતમાં કોઈ પ્રદેશમાં નજા રાજયની સ્થાપના કે રાજયની સરહદ નકકી કરવા માટેની સત્તા કોને છે ? – પાર્લામેન્ટ
(૨) સરકાર દ્વારા થતા ખર્ચ પર નિયંત્રણ રાખવાની આખરી જવાબદારી કોની છે ? – વડાપ્રધાનની
(૩) સંસદની બેઠકના કોરમ માટે ગૃહના કુલ સભ્યોમાંથી કેટલા સભ્યોની હાજરી અનિવાર્ય છે ? – ૧/૧૦
(૪) લોકસભાની સભ્યોની વધુમાં વધુ સંખ્યા કેટલી છે ? – ૫૫૨
(૫) ભારતની લોકસભાના પ્રથમ સ્પીકર કોણ હતા ? – શ્રી ગણેશ વાસુદેવ માવળકર
(૬) ભારતસંઘનું પ્રધાનમંડળ દેશનો વહિવટ કોના નામે કરે છે ? – રાષ્ટ્રપતિ
(૭) લોકસભાના સભ્યપદ માટે ઉમેદવારની વય ઓછામાં ઓછી કેટલા વર્ષની હોવી જોઈએ ? – ૨૫ વર્ષ
(૮) રાજયસભામાં સભ્યપદ માટે ઉમેદવારની વય ઓછામાં ઓછી કેટલા વર્ષની હોવી જોઈએ ? – ૩૦ વર્ષ
(૯) ભારતમાં બંધારણનું આમુખ કોણે તૈયાર કર્યુ ? – જવાહરલાલ નહેરૂ
(૧૦) કયો ખરડો સૌપ્રથમ રાજયસભામાં નહિ પરંતુ લોકસભામા જ રજુ થાય છે ? – નાણાકીય ખરડો


# વાર્તા : હાસ્ય એટલે પ્રભુ સાથે મૈત્રી

યુગે યુગે સમાજને હાસ્યની જરૂર રહીછે. વિશાળ જનતામાં હાસ્ય માણવાની જરૂરીયાત અને થોડાક ચેતનવંતા સંવેદનશીલોમાં હાસ્ય સર્જવાની જરૂરિયાત. આપણો લોકકથાકાર, લોકગીતનો ગાયક, પૂતળીને ખેલ કરનાર કે મદારી, નટ બજાણિયો કે ભવાઈનો રંગલો, રામલીલાના વિવિધ પાત્રો, શેરીમાં નીકળી પડતો બહુરૂપી. કોઈ અંશતઃ કોઈ પૂર્ણતઃ હાસ્ય પીરસવા જ રહ્યા છે. સૌથી મજાની વાત તો એ કે લગ્નગીતો– એ સૌમાં અને સામાજિક ખાયણાંગીતો, બાળકોનાં જોડકણાં, વિવિધ વિનોદી રમતો વિધિઓમાં પણ વચ્ચે વચ્ચે અને ગપસપ ટોળટપ્પાંમાં તો ખરું જ– કેટલું બધું હાસ્ય રેલાતું હતું અઆપણાં જીવનમાં એમાંનું ઘણું આજે વીસરાઈ જવા આવ્યું છે. પણ આજેય ભિન્ન સ્વરૂપે હાસ્યની માંગ રહી છે જે– આપણે ત્યાં અને વિદેશોમાંય. આજે વ્યાપી ગયાં છે. – કોમેડી નાટકો, નાટકમંડળીઓ, સરકસ, ફિલ્મો, હાસ્ય દરબાર મિમિકીં કાર્યકમો, હાસ્ય કવિ સંમેલનો નાઈટ કલબો રેડિયો કોમેડી ટીવી સીટકોમ વર્તમાનપત્રોમાં હાસ્યવિભાગો કાર્ટુનશ્રેણીઓ કોમિકસ ઓડિયો કેસેટસ વીડિયો આજે પણ હાસ્યની રેલમછેલ છે. પણ.. એ વપરાશી હાસ્ય વિદેશોમાં તો હાસ્ય એક બિગ બિઝનેસ બની ગયું છે. સૌને જોઈએ છે. હાસ્ય સ્વાભાવિક છે. પણ આમાંના મોટાભાગના હાસ્યમાં પ્રાણ નથી. માત્ર કારીગરી કૌશલ્ય છે. કારખાનામાંબનેલું હાસ્ય આપણે આકર્ષક પેકેજિંગમાં હોંશે હોંશે ખરીખીએ છીએ આપણે ટેન્શન ભૂલવું છે. ચિંતાઓ વિસરવી છે. હળવા થવું છે. થોડી ક્ષણો માટે પણ કયાંક ભાગી છૂટવું છે. હાસ્ય દ્વારા આપણે સૌ જોકે જાણીએ છીએ કે આવું હાસ્ય તો ત્વચાના ખરજવામાં રાહત આપતો માત્ર મલમ છે. એનાથી જરા સારું લાગે પણ દર્દ ન મટે કહે જે ખરજવું એ લોહીનો વિકાર છે. આપણે લોહી સુધારવું જોઈએ અંતરની હાસ્દષ્ટિ જ એ કરી શકે. બજારમાં મળતું પેકેજડ હાસ્ય નહી. જયારે તમે કોઈનું હસાવેલું હસવાને બદલે તમારી દષ્ટિને સહારે હસો છો તમારામાંનાં બાળકને જીવંત કરી મુકત વિહારની તક આપી તમારી સર્જકતાને




પ્રયોજીને હસો છો ત્યારે તમારું અંતરંગ પરિવર્તન પામે છે. વપરાશકાર માટેનું હાસ્ય તમને ઘણુંખરું કોઈની સામે હસાવે છે. તમારું પાતાનું આંતરિક પ્રસન્નતાનું સ્વ–અભિવ્યકિતનું હાસ્ય તમને કદાચ તમારી સામે પણ સૌની તો સાથે જ હસાવશે. આપણા લોકજીવનમાં આપણા ગામઠડાઓમાં સમાજ જેને અનસોફિસ્ટિેડ ગણે છે તે વર્ગમાં કદચ આજેય આ હાસ્ય છે. મને ઈલાબહેન ભટ્ટ મહેતાં હતાં બકુલભાઈ આ બધી ગામડાંની અભણ બહેનો દલિત પીડિત શોષિત બહેનો હસવા ચઢે છે ત્યારે તો એવી હસે છે કે આપણે છકક થઈ જઈએ અને આ પણ કવચિત જ એમ નહી વારંવાર જયાં પાંચ બહેનણીઓ મળી કે અંદરોઅંદર ગમ્મે ચઢ સ જ છે પણ આજે આપણે જે ઔધોગિકયુગના સુ સંસ્કૃત નગરજનો છીએ તેણે તો ટી વી આગળ જ બેસી જવું પડે છે. હસવા માટે આપણે સમજી લઈએ જે આપણને ક્ષજ્ઞિણક હસાવી નાખે તે બંધુ જ હાસ્ય નથી વિશ્વની જીવનલીલાનુ હાસ્યરૂપે જે દર્શન કરાવે તે જ હાસ્ય તમારા હાસ્યમાં ઉલ્લાસ લીલાવૃતિ પ્લેફુલનેસ છે (૧) મનોરંજન–એન્ટરટેઈમેન્ટ માટેનુ હમસ્ય આ તો સુપરિચિત છે. સમાજ માટે અનિવાર્ય પણ છે. (૨) વ્યવહાર માટેનું હાસ્ય સામાજિક સંબંધો માટેનું હાસ્ય હાસ્યથી ઓળખાણો મૈત્રીસંબંધો વધે છે. ધંધાકીય સંબંધોમાં પણ માનવતત્વ પ્રવેશે છે. અમેરિકામાં તો પ્રામુખનાં પ્રવચનોમાં હાસ્ય ઉમેરવા એક દરબારી હાસ્યકાર રાખવામાં આવે છે. સમયે સમયે યુવક–યુવતીઓ હાસ્યથી પરસ્પર નજીક આવતાં રહ્યાં છે. ડોકટર દર્દી વચ્ચે હળવાશ એ દર્દી માટે રાહતરૂપ ગણાયું છે. હાસ્ય એ ભાવસંકમણમાં કોમ્યુનિકેશનમાં મદદરૂપ થાય છે. સ્વસ્થ મનનું વિશ્વની લીલાનાં દર્શનનું અનંતગતિનું અગાધ ચૈતન્યનું વૈશ્વિક વિસ્મયનું હાસ્ય એ તો જોવાયું જ છે વીસમી સદીમાં બીજા વિશ્વયુદ્ર પછી ખાસ કે પશ્વિમના ગંભીર કહેવાતા સાહિત્યમાં પણ નિઃસંકોચ હાસ્યનો અંશ પ્રવેશવા દેવાય છે. ટીનડ્રમ કે વર્લ્ડ એકોર્ડિંગ ટુ ગાર્પ એ ગંભીર ઈરાદાવાળ ાં પુસ્તકો છે. પણ એક વિશિષ્ટ રીતનું હાસ્ય એમાં સળંગ પ્રકટયાં કરે છે. ભારેખમ અર્થશાસ્ત્રના પુસ્તકમાં દરેક પ્રકરણના મથાળે એલિસ ઈન વન્ડલેન્ડ અવતરણો મુકાયા હોય આપણે ગુજરાતી કવિસર્જક એક જમાનામાં હાસ્યને પુરો માણતો પ્રયોજતો દેખાયો છે. પ્રમાનંદ અખો શામળ એમનો એ જમાનો પણ પછી આખીય વીસમી સદી અલબત અપવાદો ખરા કેમ આપણો કવિ હસવાનું ભૂલી ગયો લાગે છે. પશ્વિમના સર્જકોને કદાચ બીજા વિશ્વયુદ્ર પછીના ટેકનોલોજિકલ યુગના વ્યકિતના અવમૂલ્યને શીખવાડી દીધું છે. આ ક્ષુદ્રતાના યુગમાં મહાન કથાનાયકો હીરોઝ મળવાના નથી. જાણે ટ્રેજડી આજે શકય નથી. ઈડિપસ રેકસ નહીં ચાલી ચેપ્લીનનો ગ્રેટ ડિરેકટર જ આજે પ્રસ્તુત છે.

# "હસવાની મનાઈ છે"



**ધનપૂજા**
**પતિ :** મારે પૂજા કરવી છે, તો તેં બધી વસ્તુઓ તૈયાર કરી લીધી ?
**પત્ની :** પણ તમને પૂછુ કે પૂજા માટે કયું ધન લાવું ? ચાલુ કે પછી બે નંબરનું ?

**લખોટીઓ :** જમનાએ રાજી થતાં થતાં કહ્યું, "આજે હું તારા પર ખૂબ ખુશ છું, મનિયા. આપણે નવે ઘરે રહેવા આવ્યાં કે તરત જ તેં પડોશના છોકરા સાથે સારી ભાઈબંધી કરી લીધી છે. મેં હમણા જ જોયું કે તું એને જમીન ઉપર પડેલી લખોટીઓ વીણવવામાં મદદ કરતો હતો." "લખોટીઓ ?"

મનિયાએ જરા મૂંઝવણભર્યા અવાજે કહ્યું, પછી ઉમેર્યુ, "એ લખોટીઓ નહોતી, એનાં દાંત હતા !"

સ્ત્રીની જીભ, જેને ધાર હોય બે

'મોંમા મગ ભર્યા છે ? બોલને હવે ! બોલો તો જીભ જ ચીરી નાખું હા.... ઘરમાં શું ભરાઈ રહી છે ? હિંમત હોય તો નીકળીને બહાર... તારે તો ઝઘડો જ કરવો છે પણ અમને ઝઘડો પસંદ નથી, સમજી ?

મનિયાને શરદી થઈ અને તાવ આવ્યો. દાકતરે થર્મોમીટર થઈને એનું ટેમ્પરેચર માપ્યું. 'ટેમ્પરેચર કેટલું ઊંચું છે, દાકતર સાહેબ ?' મનિયાએ પૂછયું.

'એકસો ને ત્રણ ડિગ્રી, બેટા.' દાકતરે કહ્યું.

'વલ્ડ રેકોર્ડ કેટલો છે ?'

નીતિ ? 'રમેશ ! મારી પણ એક લાલ દરવાજાની લઈ લેજે. અલ્યા એ ચંદુ, વચ્ચે કયાં ઘૂસે છે ? આ લોકોએ લાઈન શું જખ મારવા કરી છે ? તારા બાપે કાંઈ નિતિ ધરમ જેવું શીખવ્યું છે કે નહિ ?'

કસરત કાં કરો ?
કરસન : ડોકટર મહેતા ! મને એક અજાયબ દર્દ થયું છે. હું જયારે આગળ નમું, હાથ પહોળા કરૂ અને હાથ અર્ધવર્તુળ આકારે ફેરવું ત્યારે ડાબા ખભામાં ભયંકર વેદના થાય છે. ડો. મહેતા : પણ આવી સરકસ જેવી હિલચાલ શા માટે કરવી પડે ?
કરસન : સાહેબ, કોટ પહેરવા માટેની આ સિવાય પણ કોઈ રીત હોય તો મને જણાવો.

# ઝળહળ ઝાકળ
લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## સ્મરણોને જાદુઈ પેટારો


આપણા બધા પાસે એક જાદુઈ પેટી છે, જેનો આપણે બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ. એ છે સ્મૃતિઓની પેટી ! સરખે સરખા મિત્રો વર્ષો બાદ નિરાંતે મળે અથવા કુટુંબમાં કોઈ સુખદ્ પ્રસંગે લાંબા અરસા પછી સ્વજનોનો મેળો મળે, – બહેન, દીકરીઓ પૂરા પરિવાર સાથે આવી હોય, રાત્રે નવરાશના સમયે ડાગરો જામે, જૂની વાતો ઉખેળાય અને સુખ–દુઃખના પ્રસંગો જીવતા થાય, હસીમજાક સાથે આંસુ ઉમેરાય, યાદોના દીવડા પેટાવાય, વિદાય થયેલા અનેક સ્વજનો નજર સામે તરવરી રહે – અશ્રુસભર આનંદની ઉજાણી થાય... જાણે સ્મરણોનો પેટારો ખૂલી જાય !

# પ્રયોગ – ૪૦
## પ્રતિબિંબ અંતર


**હેતુ :** સમતલ અરીસાથી વસ્તુ અને તેના પ્રતિબિંબનું અંતર ચકાસવું.
**પૂર્વભુમિકા :** સમતલ અરીસા વડે મળતા પ્રતિબિંબ અને વસ્તું વચ્ચે ચોકકસ અંતર હોય છે.
આ અંતર કેટલું હોય છે તે નકકી કરવામાં આ પ્રયોગ સહાયક બનશે.
સાધનો : નાની મીણબતી નાની

પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ

મીણબતીથી સહેજ મોટી મીણબતી સમતલ અરીસો, બાકસ મલ્ટીપરપઝ વૂડનપટ્ટી
રીત : આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સમતલ અરીસાને વુડનપટ્ટી ઉપર ગોઠવો.
અરીસાની સામે ૨૦ સે.મી. અંતરે એક મીણબતી સળગાવીને ગોઠવો. અરીસામાં મીણબતીનું પ્રતિબિંબ જુઓ.
હવે આ મીણબતીથી સહેજ લાંબી જુદા રંગની અને થોડી મોટી બીજી મીણબતી લો.
બીજી મીણબતીને સળગાવ્યા સિવાય અરીસાની પાછળ એવા સ્થાને ગોઠવો કે જેથી પ્રથમ મીણબતીનું પ્રતિબિંબ અને બીજી મીણબતીની ટોચ એક સીધી રેખામા દેખામાં દેખાય. ડાબી જમણી બાજુ જુદા જુદા સ્થાનેથી જોઈ આ ગોઠવણીની ખાતરી કરો.
અરીસાથી બંને મીણબતીના અંતર માપો અને સરખાવો.
હવે અરીસાની સામે મીણબતીને ૩૦ સેમી, ૪૦ સેમી, ૫૦ સેમી અંતરે રાખીને આ પ્રયોગ ફરીથી કરો.
તારણ : જુદા જુદા અંતરે મીણબતીને ગોઠવતાં અરીસા અને બંને મીણબતી વચ્ચેનું અંતર સરખું રહે છે. એટલે કે અરીસાથી વસ્તુ અને તેનુ પ્રતિબિબ સરખા અંતરે હોય છે.




# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



નિલમ એ.જોષી
(ધોરણ–૧૨, ધોળકા)


# આ મારું ચિત્ર છે



ખુંટ ખનક સમીરભાઈ
(ધોરણ–૧, ગજેરા સંકુલ – અમરેલી)



ખુંટ ખનક સમીરભાઈ
(ધોરણ–૧, ગજેરા સંકુલ )




કયાડા નિર્વા શૈલેષભાઈ
( ધોરણ–૧, પ્રાથમિક શાળા ટીંબલા )



ચાંદુ હેત્વી મીલનભાઈ
(ધો.૪, શ્રી પ્રાથમિક શાળા – ટીંબલા)

# લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે આંગણવાડીનું લોકાર્પણ કરતા ધારાસભ્ય કસવાલા






લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે બાળકોના ભણતર અને ભવિષ્યની સતત ચિંતા કરતી સરકાર દ્વારા તમામ સગવડતાઓથી સજ્જ આંગણવાડી કેન્દ્ર–૨, કોડ–૩૭ના મનરેગા યોજના હેઠળ બનાવવામાં આવેલ નવી આંગણવાડી કેન્દ્રનું વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું અને નવી આંગણવાડીમાં ધારાસભ્યના હસ્તે ભૂલકાઓને પ્રવેશ અપાયો. સીડીપીઓ મીનાક્ષીબેન રાઠોડ દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ સાથે સાથે આંગણવાડીમાં બનાવવામાં આવતી વાનગીઓનું ધારાસભ્ય દ્વારા નિરક્ષણ કરવામાં આવ્યું હતું. આ તકે તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, કેપ્ટન ધામત, મનુભાઈ ડાવરા, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી માલવિયા, પ્રભાબેન રાઠોડ, ડિમ્પલબેન ઓઝા, પુંજાપાદરના સરપંચ દિનેશભાઈ સહિત, પૂજાપાદર ગામના રહિશો આ તકે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૦ | ૧૪૮૧ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ચણા | ૧૦૬૮ | ૧૦૭૬ |
| ૪ | જુવાર સફેદ | ૭૨૦ | ૭૪૫ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | જીરૂ | ૪૩૦૦ | ૪૬૭૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૯૬૦ | ૧૦૪૦ |
| ૪ | જીરૂ | ૩૮૨૦ | ૪૮૮૦ |
| ૫ | ઘઉં | ૪૫૯ | ૫૩૧ |
| ૬ | ચણા | ૧૦૫૬ | ૧૦૯૪ |
| ૭ | ધાણા | ૧૨૮૦ | ૧૫૯૦ |
| ૮ | તુવેર | ૧૨૭૦ | ૧૩૫૦ |
| ૯ | મેથી | ૯૬૦ | ૧૦૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૬૨ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૦૬૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૮૭૦ | ૧૩૦૪ |
| ૪ | તલ સફેદ | ૧૫૮૫ | ૨૦૯૬ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૬૨૭ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૮૭૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૭૭૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૩૯ |
| ૯ | મકાઈ | ૪૬૫ | ૫૦૦ |
| ૧૦ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૦૫૦ |
| ૧૨ | ચણા | ૮૪૫ | ૧૦૮૯ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૭૮ | ૧૨૪૪ |
| ૧૪ | ચણા સફેદ | ૮૦૦ | ૧૨૬૬ |
| ૧૫ | છોલે ચણા | ૧૮૦૦ | ૨૧૪૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૪૪૦ |
| ૧૭ | વાલ | ૭૪૫ | ૧૨૪૦ |
| ૧૮ | કપાસ | ૭૦૦ | ૧૪૯૪ |
| ૧૯ | એરંડા | ૧૦૭૦ | ૧૧૯૧ |
| ૨૦ | જીરૂ | ૨૨૦૦ | ૪૯૫૦ |
| ૨૧ | ધાણા | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૨૨ | ધાણી | ૧૧૫૦ | ૨૨૩૦ |
| ૨૩ | મેથી | ૬૦૦ | ૯૧૫ |
| ૨૪ | સોયાબીન | ૫૦૦ | ૮૪૭ |
| ૨૫ | મરચા લાંબા | ૨૯૦ | ૧૭૩૩૦ |
| ૨૬ | દેશી મરચા | ૩૦૦ | ૧૫૨૦ |
| ૨૭ | કાંગ | ૫૪૮ | ૫૬૩ |

### ગેનીબેન ઠાકોર અને મેવાણીને મોટો રોલ મળી શકે

# ગુજરાત કોંગ્રેસમાં મોટી ઉથલપાથલ થશે, રાહુલ ગાંધી ફરી ગુજરાત આવશે

## પાર્ટીમાં યુવા નેતાઓને મહત્વની જવાબદારી મળી શકે છે : બીજી હરોળના સિનિયર નેતાઓના સંગઠનમાં મહત્વની ભૂમિકા મળશે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત કોંગ્રેસ હવે પરિવર્તનની દિશામાં આગળ વધી રહી છે. આગામી ૧૫ એપ્રિલ પછી ગમે ત્યારે કોંગ્રેસનું નવું માળખું જાહેર થઈ શકે છે. ત્યારે સૌથી પહેલી કાતર કોના પર ફરશે તે અંગે ગુજરાત કોંગ્રેસમાં અંદરોઅંદર કાનાફૂસી શરૂ થઈ ગઈ છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, એઆઈસીસી કોંગ્રેસના માળખામાં ધરમૂળથી ફેરફાર કરવા મક્કમ હવે મક્કમ છે. ત્યારે ગુજરાત કોંગ્રેસથી સંગઠનના માળખામાં ફેરફારની શરૂઆત થશે. જિલ્લા કોંગ્રેસ સમિતિના અધ્યક્ષની સત્તામાં વધારો કરાશે. આ માટે ૧૫ એપ્રિલે લોકસભા વિપક્ષના નેતા રાહુલ ગાંધી ફરીથી ગુજરાત આવશે. જેઓ જિલ્લા પ્રમુખ અને સંગઠનના હોદ્દેદારોની પસંદગી કરશે. ત્યારે નક્કી છે કે, રેસના ઘોડાને હવે કોંગ્રેસમાં દોડાવવાનો સમય આવી ગયો છે. તો સાથે જ લગ્નમાં નાચતા ઘોડાને પાર્ટી શોધી કાઢીને બહારનો રસ્તો બતાવાશે. આ ઉપરાંત નવી કોંગ્રેસની કમિટિમાં ગેનીબેન ઠાકોર અને જિગ્નેશ મેવાણીને મોટો રોલ મળી શકે છે.

કોંગ્રેસના આંતરિક સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રદેશ પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા પક્ષના નેતા તરીકે અમિત ચાવડા યથાવત રહે તેવી શક્યતા છે. તો સાથે જ બનાસકાંઠાના સાંસદ ગેનીબેન અને વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનું કદ વધી શકે છે. ગેનીબેન ઠાકોરને સીડબલ્યુસીમાં સ્થાન મળી શકે છે. જિગ્નેશ મેવાણીને રાષ્ટ્રીય સંગઠનમાં મહત્વની જવાબદારી મળી શકે છે તેવું કેટલાક નેતા સ્પષ્ટપણે માને છે.

ચર્ચા છે કે, વર્ષોથી એક જગ્યાએ ચીપકી રહેલા નેતાઓને સાઈડ લાઈન કરાશે. વર્ષોથી પાર્ટીમાં રહેલા આ નેતાઓનું વજૂદ હવે ખતરામાં આવશે. સાથે જ નિષ્ક્રીય નેતાઓને પણ પાણીચું આપીને બહારનો રસ્તો દેખાડાશે. પાર્ટીમાં યુવા નેતાઓને મહત્વની જવાબદારી સોંપવામાં આવશે. બીજી હરોળના સિનિયર નેતાઓના સંગઠનમાં મહત્વની ભૂમિકા મળશે. સાથે જ ગુજરાત કોંગ્રેસની જવાબદારી પ્રિયંકા ગાંધી, મધુસુદન મિસ્ત્રી અને તમિલનાડુના સાસંદ શશીકાન્ત સૈંથિલ સંભાળે તેવી શક્યતા છે.

હવે સવાલ એ છે કે કોણ છે પક્ષના ગદ્દારો. કોંગ્રેસ ભાજપ સાથે ભળેલા નેતાઓનું શું કરે છે અને ક્યારે એક્શન લેશે. કોંગ્રેસની નવી કમિટિમાં કોને નવો રોલ મળશે અને કયા નેતાઓને પાણીચું પકડાવી દેવાશે. કોંગ્રેસ ભાજપ સાથે ભળેલા સ્લીપર સેલને શોધીને તેમની સામે પગલા લે તેવી કાનાફૂસી શરૂ થઈ ગઈ છે. કાર્યક્રમમાં રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સ્પષ્ટ કહ્યું હતું કે, કામ નહિ કરનારા હવે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લે. રાષ્ટ્રીય મહાઅધિવેશનમાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ગુજરાતમાં કોંગ્રેસ હવે પછી યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં જરૂરથી સત્તા મેળવશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ હવે તમારી શક્તિ બતાવો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, રાષ્ટ્રીય અધ્યક્ષ સહિત સમગ્ર કોંગ્રેસ તમારી સાથે છે. હવે તમારે કાર્યકરોને સાથે લઈને લોકોને જોડવાના છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૨ |
| ૩ | તલ સફેદ | ૧૮૩૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૪૨૦૦ | ૪૮૨૦ |
| ૫ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૮૬ |
| ૮ | બાજરો | ૪૮૦ | ૬૨૦ |
| ૯ | જુવાર | ૬૫૦ | ૭૫૦ |
| ૧૦ | મગ | – | ૧૩૫૧ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૭૦ | ૧૧૧૮ |
| ૧૩ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૧૪ | તુવેર | ૧૧૫૦ | ૧૩૮૧ |
| ૧૫ | એરંડી | ૧૧૬૦ | ૧૧૯૦ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૧૧૫૦ |
| ૧૭ | રાય/રાયડો | ૯૨૦ | ૧૦૩૦ |
| ૧૮ | ધાણા | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૯ | સોયાબીન | ૭૧૦ | ૭૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૨ | ઘઉં લોકવન | ૩૭૦ | ૪૮૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૬૦ | ૫૪૦ |
| ૪ | ચણા | ૬૦૦ | ૧૦૬૨ |
| ૫ | મેથી | ૬૦૦ | ૧૦૧૦ |
| ૬ | ધાણા | ૭૨૦ | ૧૪૧૬ |
| ૭ | મગફળી | ૮૪૫ | ૯૧૦ |
| ૮ | અડદ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૯ | કાંગ | ૪૫૧ | ૫૧૮ |
| ૧૦ | તુવેર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૧ | રાયડો | ૯૯૦ | ૯૯૦ |
| ૧૨ | સોયાબીન | ૫૦૦ | ૭૫૦ |
| ૧૩ | ચણા સફેદ | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ૧૪ | તલ સફેદ | ૧૭૧૦ | ૧૮૦૦ |
| ૧૫ | જીરૂ | ૨૬૩૦ | ૩૦૦૦ |
| ૧૬ | જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| ૧૭ | શીંગફાડા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| ૧૮ | ચણા છોલે | ૧૩૨૫ | ૧૩૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં શ્રી હનુમાન જયંતીની**

ભુરખિયા હનુમાનજી મંદિરે મોડી રાત્રિએ યોજાનારી મહાઆરતીમાં ભારે ભીડ એકત્ર થશે તો આવતીકાલ એક દિવસમાં જ હજારો શ્રધ્ધાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવશે.

અમરેલીનાં ટાવર ચોકમાં આવેલ બાલાજી મંદિર, રોકડીયાપરામાં આવેલ રોકડીયા મંદિર, બાળ હનુમાન મંદિર, લાલાવાવ હનુમાન મંદિર, ગાવડકા રોડ ઉપર આવેલ બાલાજી મંદિર સહિતનાં મંદિરોમાં મહા આરતી, બટુક ભોજન, સંતવાણી સહિતનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

સાવરકુંડલા, રાજુલા, ધારી, ખાંભા, બાબરા, લીલીયા, બગસરા, કુંકાવાવ, વડિયા, દામનગર સહિત જિલ્લાભરનાં હનુમાન મંદિરોમાં સવારથી જ હનુમાનજીનાં ભકતો દર્શન કરી ધન્યતા અનુભવશે અને જોગાનુજોગ હનુમાનજીનો પ્રિય શનિવારે જ જન્મ જયંતી હોય જે કોઈ શ્રધ્ધાળુ ૧૦૦વાર હનુમાજ ચાલીશાનો પાઠ કરે તેનો બેડો પાર થશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં એએચપી દ્વારા**

પૂનમ અને શનિવારે અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગદળ તેમજ ઈન્ડિયા હેલ્થ લાઈન દ્વારા અમરેલીમાં ચાલતા ૪૨ જેટલાં સાપ્તાહિક હિન્દુ સંસ્કાર કેન્દ્ર પર હનુમાન ચાલીશાના પાઠ અને ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર ટીમ દ્વારા ખુબ જ ધામધૂમપૂર્વક દરેક કેન્દ્રના પર હનુમાનજીની સાધના અને ભકિતમય પાઠ કરીને હનુમાન જન્મોત્સવ ઉજવવામાં આવશે. અમરેલી સાવરકુંડલા ચોકડી પર આવેલ ત્રિદેવ મંદિર મહાકાળી મંદિર, કાલભૈરવ મંદિર અને હનુમાનજી મંદિરે શનિવારે તારીખ ૧૨/૪/૨૫ સાંજના ૬:૦૦ કલાકથી રાષ્ટ્રીય બજરંગદળ દ્વારા હનુમાન ચાલીશાના પાઠ અને જાહેર ધર્મપ્રેમી જનતા માટે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. તો તમામ ધર્મપ્રેમી જનતાને પ્રસાદ લેવા પધારવા રાષ્ટ્રીય બજરંગદળ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીજ્ઞેશભાઈ કયાડાએ અનુરોધ કરેલ છે.

સાથોસાથ ઈન્ડિયા હેલ્થ લાઈન સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. દેસાણી અને જિલ્લા અધ્યક્ષ જીલ્લુભાઈ વાળા અને ઈન્ડિયા હેલ્થ લાઈન જિલ્લા અધ્યક્ષ ડો. ગોંડલીયા દ્વારા તેજ સ્થળ પર મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં ડોકટરોની ટીમ દ્વારા ફ્રી મેડિકલ ચેકઅપ કરી આપવાનું પણ આયોજન કરેલ છે. તો જાગતા દેવ હનુમાનજી મહારાજ પ્રાગટય દિવસમાં સહભાગી બનવા અમરેલી ધર્મપ્રેમી જનતાને જાહેર નિમંત્રણ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૪૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૨૦ | ૯૩૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૭૩ | ૯૯૫ |
| ૨ | તલ પીળા | ૧૭૫૧ | ૧૭૫૧ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૪ | બાજરો | ૫૨૫ | ૫૭૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૨ |
| ૬ | જુવાર | ૬૧૧ | ૯૨૫ |
| ૭ | મકાઈ | ૫૦૩ | ૫૬૨ |
| ૮ | તુવેર | ૭૦૦ | ૧૩૩૧ |
| ૯ | ચણા | ૧૦૦૫ | ૧૦૮૫ |
| ૧૦ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | મેથી | ૯૦૯ | ૯૦૯ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૧૪ | અજમા | ૧૭૧૭ | ૧૭૧૭ |
| ૧૫ | એરંડી | ૧૧૫૩ | ૧૧૫૩ |

# ચાંપરડા ખાતે પૂ. મુકતાનંદબાપુનાં આશ્રમની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી






ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિસાવદર પાસેના ચોપરડા ખાતે અખિલ ભારતીય સાધુ સમાજનાં પ્રમુખ તેમજ પંચ અગ્નિ અખાડાનાં સભાપતિ ક્રાંતિકારી સંત પરમ પૂજય મુકતાનંદ બાપુનાં આશ્રમ ખાતે ટુંકી મુલાકાત લીધેલ.

### સામાજિક ન્યાયના પાયાની મજબૂતી માટે જાતિ આધારિત વસતિ ગણતરી જરૂરી

# બહુજનો તેમના ભાવિને લગતાં મુદ્દાઓ માટે કોંગ્રેસનું સમર્થન કરે : રાહુલ ગાંધી

**બહુજનોને અમારો સ્પષ્ટ સંદેશ છે કે, તમારા ભવિષ્યને લગતાં મુદ્દાઓ માટે અમને સહયોગ આપી અમારા હાથ મજબૂત કરો**

નવી દિલ્હી, તા.૧૧

સામાજિક ન્યાય હાંસલ કરવાના કોંગ્રેસના નિર્ધારને પુનરોચ્ચાર કરતા કોંગ્રેસના સીનિયર નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, બહુજનોએ તેમના ભાવિને લગતાં મુદ્દાઓ માટે પક્ષને સમર્થન આપી તેના હાથ મજબૂત કરવા જોઈએ. રાહુલે વધુમાં જણાવ્યું હતું કે, બંધારણીય ખાતરી આધારિત સામાજિક ન્યાયનો પાયો માત્ર રાષ્ટ્રવ્યાપી જાતિ આધારિત વસતિ ગણતરીથી જ મજબૂત થઈ શકે છે. એક્સ પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં ગઈકાલે યોજાયેલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં કોંગ્રેસે દેશના બહુજનોને તેમનો હિસ્સો આપી સામાજિક ન્યાયને મજબૂત બનાવવા માટે ત્રણ ઐતિહાસિક ઠરાવ કર્યા છે. અમે રાષ્ટ્રીય કાયદો લાવી અનામતની ૫૦ ટકાની મર્યાદા દૂર કરીશું. પછાત કાયદો બનાવી એસસી/એસટી સબ પ્લાનને કાનૂની આકાર આપીશું અને આ વર્ગના લોકોની વસતિના આધારે બજેટમાં તેમને હિસ્સો આપીશું.બંધારણની કલમ ૧૫(૫)માં દર્શાવ્યા અનુસાર, એસસી, એસટી અને ઓબીસી માટે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતના અધિકારનો અમલ કરીશું. બહુજનોને અમારો સ્પષ્ટ સંદેશ છે કે, તમારા ભવિષ્યને લગતાં મુદ્દાઓ માટે અમને સહયોગ આપી અમારા હાથ મજબૂત કરો, કારણકે 'હાથ બદલેગા હાલાત'. અમદાવાદ ખાતે યોજાયેલા પક્ષના રાષ્ટ્રીય અધિવેશનમાં કોંગ્રેસે એસસી/એસટી સબ-પ્લાન માટે કેન્દ્રીય કાયદો ઘડવા અંગે તેમ તથા તેમની વસતિના આધારે તેમને બજેટમાં ફાળવણી કરવા અંગેની પ્રતિબદ્ધતાને પુનરોચ્ચાર કર્યાના બીજા દિવસે રાહુલે આ ટિપ્પણી કરી હતી.

### પાર્ટીએ કરી કાર્યવાહી

# હિન્દુ પ્રતિકો-મહિલાઓ અંગે વિવાદાસ્પદ નિવેદન કરવું મંત્રીને ભારે પડ્યું

**અગાઉ પોનમુડીએ હિન્દી ભાષીઓ પર નિશાન સાધ્યું હતું**

ચેન્નાઈ તા.૧૧

તમિલનાડુના વન મંત્રી અને ડીએમકેના સીનિયર નેતા કે.પોનમુડીને હિન્દુ પ્રતિકો અને મહિલાઓ પર ગંદી મજાક કરવી ભારે પડી છે. પાર્ટીએ તેમની સામે કાર્યવાહી કરી મહાસચિવ પદેથી હાકી કાઢ્યા છે. પોનમુડીએ એક જાહેર સમારોહમાં હિન્દુ ધાર્મિક પ્રતિકો અને મહિલાઓ અંગે વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેણે હિન્દુ તિલક પર કોમેન્ટ કરી હતી, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ચારેકોર તેમની ટીકા થઈ રહી છે. પાર્ટીના સાંસદ કનિમોઝીએ પણ પોનમુડીના નિવેદનથી વાંધો ઉઠાવ્યો છે.

DMK સાંસદ કનિમોઝીએ સોશિયલ મીડિયા પર આક્રોષ સાથે પોસ્ટ કરીને કહ્યું છે કે, 'મંત્રી પોનમુડીએ તાજેતરમાં કરેલું ભાષણ અયોગ્ય છે. તેમના અપમાનજનક ભાષણની નિંદા કરવી જોઈએ.' પોનમુડીએ હિન્દુ ધાર્મિક પ્રતિકો શૈવ અને વૈષ્ણવને અપમાનજનક સંદર્ભમાં જોડ્યા હતા.

ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવિયાએ આ મુદ્દે મુખ્યમંત્રી સ્ટાલિન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'DMK, કોંગ્રેસ, TMC, RJD સહિત INDIA ગઠબંધનના સાથી પક્ષો વિચારધારા માટે નહીં, પરંતુ હિન્દુ માન્યતાઓનું અપમાન કરવા માટે એક થયા છે.' તમિલનાડુ ભાજપના પૂર્વ અધ્યક્ષ અન્નામલાઈએ કહ્યું કે, માત્ર પોનમુડી જ નહીં, ડીએમકેનું આખુ તંત્ર અશ્લીલ, અપશબ્દો બોલનારું અને અસભ્ય છે. આવા લોકોનું નેતૃત્વ કરી રહેલા મુખ્યમંત્રીને શરમ રાખી પોતાનું માથું ઝુકાવવું જોઈએ.

પોનમુડીને હિન્દી ભાષીઓથી વાંધો હોય તેમ અગાઉ પણ આવા વિવાદો કરતા રહ્યા છે. પોનમુડી અગાઉ શિક્ષણ મંત્રી હતા, ત્યારે તેમણે મે-૨૦૨૨માં કોયમ્બતુરની એક યુનિવર્સિટીમાં યોજાયેલા દીક્ષાંત સમારોહમાં હિન્દી ભાષા બોલનારાઓ પર નિશાન સાધ્યું હતું. તેમણે હિન્દી શીખનારાઓને નોકરી મળવાની સંભાવના પર સવાલ ઉઠાવ્યા હતા. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, 'હીન્દી બોલનારા તો અમારે ત્યાં પાણીપુરી વેચે છે.' ત્યારબાદ તેણે સપ્ટેમ્બર-૨૦૨૨માં પણ સરકારી બસોમાં મહિલાઓને મફત પ્રવાસ મુદ્દે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી.

### નારાજગી વ્યક્ત કરી

# નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર જ જિલ્લામાં ગુનાની ઘટનાઓ પર કડક વલણ અપનાવ્યું

**તેમણે પોતાના વલણ દ્વારા સ્પષ્ટ કર્યું કે હવે ગુના પ્રત્યે કોઈ ઢીલ આપવામાં આવશે નહીં**

વારાણસી,તા.૧૧

શુક્રવારે વારાણસી પહોંચેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એરપોર્ટ પર જ જિલ્લામાં ગુનાની ઘટનાઓ પર કડક વલણ અપનાવ્યું હતું. તેમણે પોતાના વલણ દ્વારા સ્પષ્ટ કર્યું કે હવે ગુના પ્રત્યે કોઈ ઢીલ આપવામાં આવશે નહીં. આ તેમના સંસદીય મતવિસ્તાર વારાણસીની ૫૦મી મુલાકાત હતી, પરંતુ આ વખતે તેમની પ્રાથમિકતા માત્ર વિકાસ પ્રોજેક્ટ્સ જ નહીં પરંતુ કાયદો અને વ્યવસ્થા પર નજર રાખવાની પણ હતી.

એરપોર્ટ પર પહોંચ્યા પછી, પીએમ મોદીએ શહેરમાં તાજેતરમાં બનેલી ગેંગરેપની ઘટના અંગે પોલીસ કમિશનર, ડિવિઝનલ કમિશનર અને જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી સંપૂર્ણ રિપોર્ટ માંગ્યો. ૧૯ વર્ષની છોકરી પર ૨૩ લોકો દ્વારા ૭ દિવસ સુધી કથિત ગેંગરેપના મામલાએ સમગ્ર રાજ્યને હચમચાવી નાખ્યું છે. આ જ કારણ છે કે પ્રધાનમંત્રીએ તાત્કાલિક એરપોર્ટ પર અધિકારીઓને બોલાવ્યા અને સ્પષ્ટ સૂચનાઓ આપી કે "ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે".

આ પ્રસંગે પીએમ મોદીએ માત્ર શોક વ્યક્ત કરવાની સાથે સ્પષ્ટપણે કહ્યું કે આવી ઘટનાઓને રોકવા માટે સિસ્ટમમાં કયા ફેરફારોની જરૂર છે તેના પર તાત્કાલિક કામ શરૂ થવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે કાશી ફક્ત વિકાસનું પ્રતીક જ નહીં પરંતુ સુરક્ષા અને સુશાસનનું મોડેલ પણ બનશે.

ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રીએ નિર્દેશ આપ્યો છે કે તપાસ ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને દોષિતોને વહેલી તકે સજા આપવામાં આવે. અત્યાર સુધીમાં ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, અને અન્યની શોધ ચાલુ છે. પોલીસનું કહેવું છે કે પીડિતાને નશીલી દવા પીવડાવીને અલગ અલગ હોટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેની પર વારંવાર બળાત્કાર થયો. આ ઘટના પર પીએમની સક્રિયતા દર્શાવે છે કે હવે શાસનના ઉચ્ચ સ્તર તરફથી ગુના સામે "ઝીરો ટોલરન્સ" ની નીતિ અપનાવવામાં આવી રહી છે.

### ચીનનો ટ્રમ્પને તેમની જ ભાષામાં જવાબ

# અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કરવાની જાહેરાત

**ટ્રમ્પે ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યાના ૨૪ કલાકમાં ચીને અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ વધારીને ૧૨૫ ટકા કર્યો છે**

નવીદિલ્હી,તા.૧૧

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવૉર ચરમસીમાએ પહોંચી ગયું છે. અમેરિકા ચીન પર એક પછી એક ટેરિફ ઝીંકી રહ્યું છે, ત્યારે વળતો જવાબ આપતાં ચીન પણ અમેરિકા પર ટેરિફ લાદી રહ્યું છે. ટ્રમ્પે ચીન પર ૧૪૫ ટકા ટેરિફ લાદ્યાના ૨૪ કલાકમાં ચીને અમેરિકન પ્રોડક્ટ્સ પર ટેરિફ વધારીને ૧૨૫ ટકા કર્યો છે.

આ નવો ટેરિફ શનિવારથી અમલમાં મૂકાશે. ટ્રમ્પે અગાઉ નવ એપ્રિલના રોજ ચીનના સામા જવાબના કારણે ૧૪૫ ટકા ટેરિફ જ્યારે અન્ય ૭૦થી વધુ દેશોને ટેરિફમાં ૯૦ દિવસની રાહત આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ટ્રમ્પના આ નિર્ણયથી ચીને ભયભીત થવાના બદલે વળતો પ્રહાર કરવાનું નક્કી કર્યું છે. ઉલ્લેખનીય છે, ટ્રમ્પના ચીન પ્રત્યેના આકરા વલણ વચ્ચે અહેવાલો આવ્યા હતા કે, વિશ્વની બે મહાસત્તા ટ્રેડવૉર મુદ્દે વાટાઘાટો કરવા તૈયાર છે. એવામાં ચીનનું આ પગલું ટ્રેડવૉરની આગને ઓલવવાના બદલે વધુ હવા આપી શકે છે.બેઈજિંગના સ્ટેટ કાઉન્સિલ ટેરિફ કમિશને જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ચીન પર અયોગ્ય ઊંચા ટેરિફ લાદવાની કવાયત આંતરરાષ્ટ્રીય વેપાર નિયમોનું ગંભીરપણે ઉલ્લંઘન કરે છે. જે સામાન્ય આર્થિક કાયદા પર પણ હુમલો કરે છે. ટેરિફના કારણે આયાતકારો માટે હવે અમેરિકાની પ્રોડક્ટ્સ લોકપ્રિય રહી નથી. શી જિનપિંગે કરી માંગ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે "એકપક્ષીય ગુંડાગીરી"ને પ્રતિકાર આપવાં યુરોપિયન યુનિયનને બેઈજિંગ સાથે હાથ મિલાવવા અપીલ કરી હતી. આ અપીલના થોડા કલાકો બાદ તેમણે અમેરિકા પર ટેરિફ વધારી ૧૨૫ ટકા કર્યો હોવાની જાહેરાત કરી હતી. જિનપિંગે કહ્યું કે, ચીન અને યુરોપ આંતરરાષ્ટ્રીય જવાબદારીઓ નિભાવવા માટે સજ્જ છે અને સંયુક્તપણે એકપક્ષીય ગુંડાગીરીને આકરો પડકાર આપી શકે છે. આ જોડાણ આપણા અધિકારો અને હિતોની સુરક્ષા જ નહીં પણ આંતરરાષ્ટ્રીય પારદર્શિતા અને કાયદાની રક્ષા માટે છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૪૫ ટકા ટેરિફ લાદવાની જાહેરાત બાદ જણાવ્યું હતું કે, 'તેઓ ચીન સાથે ડીલ કરવા તૈયાર છે, વિશ્વની ટોચની બે આર્થિક મહાસત્તા ધરાવતા દેશો ટ્રેડવૉર મુદ્દે યોગ્ય ઉકેલ લાવી શકે તેમ છે. અમે ચીન સાથે ડીલ કરવા તૈયાર છીએ. વાસ્તવમાં તેઓએ લાંબા સમય સુધી આપણા દેશનો ફાયદો ઉઠાવ્યો છે. તેઓએ અમને અન્ય કરતાં વધુ છેતર્યા છે.'

### ટેરિફમાં રાહતની અસર

# સેન્સેક્સ ૧૩૦૦ પોઇન્ટના ઉછાળે બંધ, નિફ્ટી ૨૨૮૦૦ ક્રોસ

**બીએસઈ માર્કેટ કેપ રૂ. ૩૯૩.૮૨ લાખ કરોડથી વધી આજે ૪૦૧.૫૪ લાખ કરોડ થયું છે**

નવીદિલ્હી,તા.૧૧

શેરબજારમાં ટ્રમ્પ દ્વારા ટેરિફમાં ૯૦ દિવસની રાહતની ધમાકેદાર અસર જોવા મળી છે. સેન્સેક્સ આજે ઈન્ટ્રા ડે ૧૬૨૦.૧૮ પોઈન્ટના ઉછાળા બાદ અંતે ૧૩૧૦.૧૧ પોઈન્ટના ઉછાળે ૭૫૧૫૭.૨૬ પર બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડી ૭.૮૧ લાખ કરોડ વધી છે. બુધવારે બીએસઈ માર્કેટ કેપ રૂ. ૩૯૩.૮૨ લાખ કરોડથી વધી આજે ૪૦૧.૫૪ લાખ કરોડ થયું છે.

ટ્રમ્પ દ્વારા બુધવારે ૭૦થી વધુ દેશોને રેસિપ્રોકલ ટેરિફના અમલીકરણમાં ૯૦ દિવસની રાહત આપતાં વૈશ્વિક શેરબજારોમાં આકર્ષક ઉછાળો જોવા મળ્યો હતો. જેના સથવારે આજે ભારતીય શેરબજારમાં પણ તેજી જોવા મળી હતી. ટ્રમ્પની આ રાહતથી ભારતના અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર મામલે આશાનું કિરણ જોવા મળ્યું છે. આ કરાર માટે ભારતને વધુ ૯૦ દિવસનો સમય મળ્યો છે. જોકે બીજી તરફ ચીન અને અમેરિકા વચ્ચે ટ્રેડવૉરની સ્થિતિ સતત વણસી રહી હોવાથી વૈશ્વિક અનિશ્ચિતતાઓના વાદળો યથાવત્ છે. બીએસઈ ખાતે આજે માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ જોવા મળી હતી. કુલ ટ્રેડેડ ૪૦૭૯ શેર પૈકી ૩૧૦૭ શેર સુધારા તરફી બંધ રહ્યા હતા. જ્યારે માત્ર ૮૫૩ શેર ઘટાડે બંધ રહ્યા હતા. આજે કુલ ૩૩૧ શેરમાં અપર સર્કિટ જ્યારે ૬૬ શેર વર્ષની ટોચે પહોંચ્યા હતા. બીજી તરફ ૧૪૨ શેરમાં લોઅર સર્કિટ વાગી હતી.

ટ્રમ્પ દ્વારા ટેરિફમાં રાહતના સમાચાર મળતાં મેટલ શેર્સમાં આજે તોફાની તેજી આવી હતી. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ ૪.૫ ટકા ઉછળ્યો હતો. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૪.૨૯ ટકા (૧૧૪૦.૯૭ પોઈન્ટ) ઉછળ્યો હતો. જેમાં હિન્દાલ્કો ૬.૪૯ ટકા, જેએસએલ ૬.૩૦ ટકા, ટાટા સ્ટીલ ૪.૮૭ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૪.૭૧ ટકા અને કોલ ઈન્ડિયા ૪.૪૮ ટકા ઉછાળા સાથે બંધ રહ્યો હતો.

મેટલ ઉપરાંત સેક્ટોરલ ઈન્ડેક્સમાં પાવર ૨.૬૪ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૯૨ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૧૫ ટકા, ઓટો ૨.૦૨ ટકા, ટેલિકોમ્યુનિકેશન્સ ૨.૭૬ ટકા, હેલ્થકેર ૨.૧૧ ટકા, એનર્જી ૨.૫૧ ટકા ઉછળ્યા હતા.

### ટેરિફમાં રાહતની અસર

# કે.એલ. રાહુલની સેલિબ્રેશન સ્ટાઈલ વાઈરલ, કોહલીને મેદાનમાં આપ્યો જવાબ

**આ મેચમાં કે.એલ. રાહુલે એકલા હાથે દમદાર બેટિંગ કરીને આરસીબીથી જીત આંચકી લીધી હતી**

નવીદિલ્હી,તા.૧૧

IPL ૨૦૨૫માં ૧૦મી એપ્રિલે દિલ્હી કેપિટલ્સ અને આરસીબી વચ્ચે જોરદાર મેચ રમાઈ હતી. આ મેચમાં કે.એલ. રાહુલે એકલા હાથે દમદાર બેટિંગ કરીને આરસીબીથી જીત આંચકી લીધી હતી. રાહુલે ૫૩ બોલમાં ૯૩ રનની ઈનિંગ રમીને બોલરોનો પરસેવો છોડાવી દીધો હતો. જો કે મેચ દરમિયાન એક એવી ઘટના બની જેને લઈને સૌ કોઈ ચર્ચા કરવા લાગ્યા છે. આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયો અનુસાર વિરાટ કોહલી આરસીબીની ટીમ દ્વારા વિકેટ ઝડપવામાં આવતા સેલિબ્રેશન કરતો દેખાય છે. જો કે આ દરમિયાન તે જાણે રાહુલને ડિસ્ટ્રેક્ટ કરવા માગતો હોય એ રીતે એની બાજુમાંથી સેલિબ્રેશન કરતો નીકળે છે. કદાચ આ વાત રાહુલને દિલ પર લાગી ગઈ અને પછી તેણે એકલા હાથે આરસીબી ટીમના ખેલાડીઓની ધોલાઈ કરીને મેચ આંચકી લીધી હતી. એટલું જ નહીં, મેચમાં દમદાર પરફોર્મન્સ બાદ 'ધીસ ઈઝ માય ટેરિટરી' સ્ટાઈલમાં રાહુલે સેલિબ્રેશન કરીને કોહલીને જોરદાર જવાબ આપતો હોય તેવું લાગ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ મેચ બેંગ્લુરુમાં રમાઈ હતી અને કે.એલ.રાહુલ માટે બેંગ્લુરુ હોમ ગ્રાઉન્ડ છે. રાહુલની આ મેદાન સાથે ઘણી યાદો જોડાયેલી છે. તેણે મેચ જીતાડ્યા બાદ પિચ પર આગળ વધી બેટ વડે ગોળ કૂંડાળું કર્યું અને પછી પોતે ત્યાંનો બાદશાહ હોય એ રીતે સેલિબ્રેશન કરીને સૌના દિલ જીતી લીધા હતા.

# ધીમા શાવર ટ્રમ્પનો સમય બગાડે છે ટેરિફના ટેન્શન વચ્ચે ટ્રમ્પને સ્નાનની ચિંતા, વાળ બરાબર ધોઈ શકાતા ન હોવાની ફરિયાદ

**તેમણે આ બાબતે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીને બરાક ઓબામા અને જો બાઇડનના કાર્યકાળમાં લાગુ કરાયેલા નિયમો બદલી નાંખ્યા**

વોશિંગ્ટન,તા.૧૧

ડોનાલ્ડ ટ્રમ્પની ફરિયાદ હતી કે અમેરિકામાં શાવર અને ટોઈલેટમાં પાણીનું દબાણ ઓછું છે, જેના કારણે સ્નાન કરવા અને વાળ ધોવા જેવા કાર્યો મુશ્કેલ બને છે. ઑર્ડર પર સહી કરતી વખતે તેમણે મજાકમાં કહ્યું કે, 'મારા સુંદર વાળની સારી સંભાળ રાખવા માટે મને સારા સ્નાનની જરૂર છે. પણ મારા વાળ બરાબર ભીના થાય તે માટે મારે ૧૫ મિનિટ શાવર નીચે ઊભા રહેવું પડે છે, કેમ કે શાવરમાંથી પાણી સાવ ધીમેધીમે ટપકે છે. આ કેટલું હાસ્યાસ્પદ કહેવાય!'

પોતાના વાળ પ્રત્યે ટ્રમ્પની સભાનતા નવી નથી. ૨૦૨૦માં તેમણે કહ્યું હતું કે, 'તમારું તો મને ખબર નથી, પણ મારા વાળ પરફેક્ટ હોવા જોઈએ.' ગત વર્ષના ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેઓ એવું બોલ્યા હતા કે, 'શાવર ધીમા હોવાથી હું મારા વાળ ઝડપથી ધોઈ શકતો નથી.'

વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્ણય લઈને ટ્રમ્પ ઓબામા-બાઈડન યુગ દરમિયાન બનાવેલા કડક નિયમોને દૂર કરીને સામાન્ય અમેરિકન્સને રાહત આપી રહ્યા છે. આ આદેશ શૌચાલય અને સિંક જેવી ઘણી વસ્તુઓ પર પણ લાગુ કરાશે ૨૦૨૦માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનના નેતૃત્વ હેઠળના ઉર્જા વિભાગે એક નિયમ લાગુ કર્યો હતો જેમાં એક મિનિટમાં ૨.૫ ગેલન (૯.૫ લિટર) પાણી છોડતાં આખા શાવર હેડને બદલે ફક્ત નાનું શાવર નોઝલ જ વાપરવાની મંજૂરી આપવામાં આવી હતી. એના અગાઉ ઓબામા વહીવટીતંત્રે બહુવિધ નોઝલ ધરાવતા શાવર ફિક્સર પર રોક લગાવતાં એવો નિયમ લાગુ કર્યો હતો કે જો શાવરમાં ચાર નોઝલ આપેલા હોય તો ચારેયમાંથી કુલ ૨.૫ ગેલનથી વધુ બહાર ન આવવું જોઈએ. પાણીનો બગાડ ન થાય, ઊર્જા ઓછી વપરાય અને એનું બિલ પણ ઓછું આવે, એવી ગણતરીઓ સાથે આ નિયમો લાગુ કરાયા હતા. એક અંદાજ મુજબ આ નિયમથી પ્રત્યેક ઘરમાં દર વર્ષે લગભગ ૩૮ ડૉલરની બચત થઈ હતી. અમેરિકન રાજનીતિના નિષ્ણાતો કહે છે કે સ્નાન અને શૌચાલય જેવા મુદ્દાઓ રાષ્ટ્રપતિની પ્રાથમિકતાઓમાં હોય એ હાસ્યાસ્પદ લાગે છે. ટ્રમ્પે અગાઉ બલ્બ અને ડિશવોશર જેવા ઉપકરણો પરના કડક નિયમો પણ ઢીલા કર્યા હતા,

જેને પાછળથી જો બાઈડેન વહીવટીતંત્ર દ્વારા બદલવામાં આવ્યા હતા. હવે ટ્રમ્પ ફરી જૂની સરકારના નિયમો બદલીને જાણે કે સાટું વાળી રહ્યા છે. અમેરિકા તો શાનદાર (ગ્રેટ) બનતા બનશે, પણ અમેરિકાના શાવર ટૂંક સમયમાં ચોક્કસપણે શાનદાર બની જવાના.

### સંજય રાઉતનું મોટું નિવેદન

# તહવ્વુર હુસૈન રાણાને બિહાર ચૂંટણી વખતે જ ફાંસી અપાશે

મુંબઈ,,તા.૧૧

શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે ૨૬/૧૧ના આતંકી હુમલાના મુખ્ય આરોપી તહવ્વુર હુસૈન રાણાને તાત્કાલિક ફાંસી આપવી જોઈએ. આ દરમિયાન તેમણે એવો પણ દાવો કર્યો હતો કે બિહાર ચૂંટણી દરમિયાન સરકાર તહવ્વુર રાણાને ફાંસી આપશે. સંજય રાઉતે આર્થિક ભાગેડુ નીરવ મોદી અને મેહુલ ચોકસીને ભારત પ્રત્યાર્પણ કરવાની પણ માંગ કરી છે. એજન્સીના અહેવાલ મુજબ, સંજય રાઉતે કહ્યું, તહવ્વુર રાણાને તાત્કાલિક ફાંસી આપવી જોઈએ, પરંતુ બિહારની ચૂંટણી (આ વર્ષના અંતમાં યોજાનારી) દરમિયાન તેને ફાંસી આપવામાં આવશે.

રાઉતે કહ્યું કે રાણાને ભારત લાવવાની લડાઈ ૧૬ વર્ષથી ચાલી રહી છે અને તેની શરૂઆત કોંગ્રેસના શાસન દરમિયાન થઈ હતી. તેથી, રાણાને પાછા લાવવાનો શ્રેય કોઈએ લેવો જોઈએ નહીં. તેમણે વધુમાં કહ્યું કે તહવ્વુર રાણા ભારત પ્રત્યાર્પણ કરવામાં આવનાર પ્રથમ આરોપી નથી. આ પહેલા ૧૯૯૩ના સિરિયલ બ્લાસ્ટના આરોપી અબુ સાલેમને પણ ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો. રાઉતે એવી પણ માંગ કરી હતી કે કુલભૂષણ જાધવ કે જેને ૨૦૧૬માં પકડવામાં આવ્યો હતો અને કથિત જાસૂસી માટે પાકિસ્તાનની સૈન્ય અદાલત દ્વારા મૃત્યુદંડની સજા સંભળાવી હતી, તેને પરત લાવવામાં આવે. ભારતે પાકિસ્તાનના આરોપોને ખોટા ગણાવીને નકારી કાઢ્યા છે.

ભારત અનુસાર, કુલભૂષણ જાધવને ઈરાનમાં અપહરણ કરીને પાકિસ્તાન લાવવામાં આવ્યો હતો. તેને બચાવવા માટે ભારતે આંતરરાષ્ટ્રીય કોર્ટનો સંપર્ક કર્યો, જેણે પાકિસ્તાનને તેની ફાંસી રોકવાનો આદેશ આપ્યો હતો.

### વડાપ્રધાન મોદીનો ૫૦મો વારાણસી પ્રવાસ

# વડાપ્રધાન મોદીએ બનારસને ૩૮૮૦ કરોડ રૂપિયાની ભેટ આપી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલીસ લાઇન ખાતે ટ્રાન્ઝિટ હોસ્ટેલ અને રામનગર અને ચાર ગ્રામીણ રસ્તાઓમાં પોલીસ બેરેકનું પણ ઉદ્ઘાટન કર્યું હતું**

વારાણસી,તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં છે અને પીએમની આ વારાણસીની ૫૦મી મુલાકાત છે. આ દરમિયાન, પીએમ મોદીએ હજારો કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું, તેમજ જાહેરસભાને સંબોધિત કરી. તેમજ પીએમ મોદીએ બનારસને ૩૮૮૦ કરોડ રૂપિયાની ભેટ આપી અને વારાણસીમાં રસ્તા, વીજળી, શિક્ષણ અને પર્યટન સંબંધિત ૪૪ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

પીએમ મોદીએ શુક્રવારે કાશીમાં ૩૮૮૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. આ માહિતી આપતાં વારાણસીના વિભાગીય કમિશનર કૌશલ રાજ શર્માએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ્સમાં ગ્રામીણ વિકાસ પર કેન્દ્રિત યોજનાઓનો સમાવેશ થાય છે. આમાં ૧૩૦ પીવાના પાણીના પ્રોજેક્ટ્સ, ૧૦૦ નવા આંગણવાડી કેન્દ્રો, ૩૫૬ લાઈબ્રેરી, પિંદ્રા ખાતે પોલિટેકનિક કોલેજનું નિર્માણ અને સરકારી ડિગ્રી કોલેજનો સમાવેશ થાય છે. વિભાગીય કમિશનરે કહ્યું કે, પ્રધાનમંત્રીએ પોલીસ લાઇન ખાતે ટ્રાન્ઝિટ હોસ્ટેલ અને રામનગર અને ચાર ગ્રામીણ રસ્તાઓમાં પોલીસ બેરેકનું પણ ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હાજર હતા. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, 'હું કાશીએ આપેલા પ્રેમનો ઋણી છું. કાશી મારી છે અને હું કાશીનો છું. છેલ્લા ૧૦ વર્ષમાં બનારસના વિકાસને નવી ગતિ મળી છે. આજે કાશી પ્રાચીન નથી, તે પ્રગતિશીલ પણ છે. કાશીએ વારસા સાથે સંતુલન જાળવીને આધુનિકતા અપનાવી છે. કાશી પૂર્વાંચલનો વિકાસ રથ ખેંચી રહી છે. પૂર્વાંચલમાં સુવિધાઓનો વિસ્તાર થઈ રહ્યો છે. કાશી ભારતની વિવિધતાનું સૌથી સુંદર ચિત્ર છે.'પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'આજે કાશીમાં ઘણા પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. કનેક્ટિવિટી, નળ પાણી અભિયાન, શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓના વિસ્તરણ અને દરેક ક્ષેત્ર, પરિવાર અને યુવાનોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે સંબંધિત ઘણા પ્રોજેક્ટ્સ. આ બધી યોજનાઓ પૂર્વાંચલના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ બનવા જઈ રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'કાશીના દરેક રહેવાસીને આ યોજનાઓનો લાભ મળશે, આ માટે કાશી અને પૂર્વાંચલને અભિનંદન. મહાત્મા ફુલે અને સાવિત્રીબાઈ ફુલેએ જીવનભર સ્ત્રી શક્તિના આત્મવિશ્વાસ અને તેમના સામાજિક કલ્યાણ માટે કાર્ય કર્યું. આજે, આપણે તેમના સંકલ્પોને આગળ ધપાવી રહ્યા છીએ.'

### આ વર્ષમાં પ્રોપર્ટીના ભાવ આસમાને પહોંચ્યા છે

# દેશના ૯ શહેરોમાં મકાનોની કિંમતમાં ૯ ટકા વધારો થયો

**નાણાકીય વર્ષ ૨૦૨૫ માં દેશના ટોચના ૯ શહેરોમાં નવા હાઉસિંગ પ્રોજેક્ટ્સની સરેરાશ કિંમતમાં ૯% નો વધારો થશે**

નવીદિલ્હી,તા.૧૧

આમ આદમીને ઘરના ઘરનું સપનું રોળાશે. કારણ કે, આ વર્ષમાં પ્રોપર્ટીના ભાવ આસમાને પહોંચ્યા છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં નવા શરૂ થયેલા રહેણાંક પ્રોજેક્ટ્સના સરેરાશ ભાવમાં કાચા માલના ઊંચા ખર્ચને કારણે ૯ ટકાનો વધારો થયો છે. આ માહિતી લિસ્ટેડ રિયલ એસ્ટેટ ડેટા એનાલિસ્ટ કંપની પ્રોપઈક્વિટી દ્વારા આપવામાં આવી છે. છેલ્લા એક વર્ષમાં નવા પ્રોજેક્ટ્સના હાઉસિંગ ભાવમાં કોલકાતામાં સૌથી વધુ ૨૯% વધારો થયો છે, ત્યારબાદ થાણે (૧૭%), બેંગલુરુ (૧૫%), પુણે (૧૦%) અને દિલ્હી-NCR (૫%) છે. NSE-લિસ્ટેડ પ્રો ડેટા એનાલિટીક્સ ફર્મના અહેવાલમાં જણાવાયું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૨,૫૬૯ પ્રતિ ચોરસ ફૂટની સરખામણીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતના ટોચના ૯ શહેરોમાં ઘરોની વેઈટેડ એવરેજ લોન્ચ કિંમત ૯% વધીને ૧૩,૧૯૭ પ્રતિ ચોરસ ફૂટ થઈ હતી.

કયા કયા શહેરોમાં વધ્યા ભાવ:ટોચના ૯ શહેરો બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા, દિલ્હી-એનસીઆર, મુંબઈ, નવી મુંબઈ, થાણે અને પુણે છે. છેલ્લા એક વર્ષમાં, હાઉસિંગની કિંમતો કોલકાતામાં સૌથી વધુ ૨૯% વધી છે, ત્યારબાદ થાણે (૧૭%), બેંગલુરુ (૧૫%), પુણે (૧૦%), દિલ્હી-NCR (૫%), હૈદરાબાદ (૫%) અને ચેન્નાઈ (૪%) છે. મુંબઈ અને નવી મુંબઈમાં હાઉસિંગની કિંમતોમાં ૩%નો ઘટાડો થયો છે.

જો કે, છેલ્લા બે નાણાકીય વર્ષોમાં (FY૨૩-૨૫), હાઉસિંગના ભાવમાં ૧૮%નો વધારો થયો છે જેમાં બેંગલુરુમાં સૌથી વધુ ૪૪%, કોલકાતા (૨૯%), ચેન્નાઈ (૨૫%), થાણે (૨૩%), દિલ્હી-NCR (૨૦%), પુણે (૧૮%), નવી મુંબઈ (૧૩%), મુંબઈ (૧૧%), હૈદરાબાદ (૫%)એ જણાવ્યું હતું. પ્રોપઈક્વિટી રિપોર્ટ અનુસાર, ૨૦૨૫ના જાન્યુઆરી-માર્ચમાં હાઉસિંગનું વેચાણ ૨૩% ઘટીને ૧,૦૫,૭૯૧ યુનિટ થયું છે જ્યારે સપ્લાય ૩૪% ઘટીને ૮૦,૭૭૪ થઈ ગયો છે.

ડેટા મુજબ, બેંગલુરુમાં નવા પ્રોજેક્ટ્સમાં વેઈટેડ એવરેજ હાઉસિંગની કિંમતો અગાઉના વર્ષમાં ૮,૫૭૭ પ્રતિ ચોરસ ફૂટથી વધીને ૨૦૨૪-૨૫ નાણાકીય વર્ષમાં૯,૮૫૨ થઈ ગઈ હતી. કોલકાતામાં, સરેરાશ દર ૬,૨૦૧ પ્રતિ ચોરસ ફૂટથી વધીને૮,૦૦૯ થયો, રિપોર્ટમાં નોંધ્યું છે. ચેન્નાઈમાં દર ૭,૬૪૫ પ્રતિ ચોરસ ફૂટથી વધીને ૭,૯૮૯ થયો. હૈદરાબાદમાં ૭,૮૯૦ પ્રતિ ચોરસ ફૂટથી ૮,૩૦૬નો વધારો જોવા મળ્યો હતો, જ્યારે પૂણેમાં પ્રતિ ચોરસ ફૂટ ૯,૮૭૭થી વધીને ૧૦,૮૩૨ થયો હતો. થાણેમાં, સરેરાશ દર ૧૧,૦૩૦ પ્રતિ ચોરસ ફૂટથી વધીને ૧૨,૮૮૦ થયો હતો. દિલ્હી NCRમાં મકાનોની સરેરાશ કિંમતો પ્રતિ ચોરસ ફૂટ ૧૩,૩૯૬ થી વધીને ૧૪,૦૨૦ થઈ ગઈ છે.

જોકે, નવી મુંબઈમાં દર ૧૩,૨૮૬ પ્રતિ ચોરસ ફૂટથી ઘટીને ૧૨,૮૫૫ થયો હતો. મુંબઈમાં પણ ગયા નાણાકીય વર્ષમાં ૩૪,૦૨૬ પ્રતિ ચોરસ ફૂટ ઘટીને ૩૫,૨૧૫ પ્રતિ ચોરસ ફૂટ ૨૦૨૩-૨૪માં જોવા મળ્યો હતો.

બેંગલુરુ, કોલકાતા, પુણે અને થાણેમાં હાઉસિંગના ભાવમાં ૧૦-૩૦% ની વચ્ચે વધારો થયો છે. જ્યારે છેલ્લા એક વર્ષમાં માંગ અને પુરવઠામાં ઘટાડો થયો છે, ત્યારે છેલ્લા કેટલાક વર્ષોમાં જમીન, મજૂરી અને બાંધકામ સામગ્રી સહિતની ઈનપુટ ખર્ચમાં વધારો થવાને કારણે હાઉસિંગના ભાવમાં વધારો થયો છે. કિંમતમાં વધારો ધીમી કિંમતે ૧% થી ૨% ના દરે વધી રહ્યો છે. ૯ શહેર FY૨૪," સમીર જસુજા, સ્થાપક અને CEO, PropEquityએ જણાવ્યું હતું.

### પલાનીસ્વામીની આગેવાની હેઠળ ચૂંટણી લડશે

# ભાજપનું તમિલનાડુમાં AIADMKસાથે ગઠબંધન

**અન્નામલાઈ સાથે બેઠક યોજી મીડિયા સમક્ષ આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં AIADMK-BJP વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી છે**

નવીદિલ્હી,તા.૧૧

કેન્દ્રીય ગૃહ મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહે આજે તમિલનાડુની મુલાકાત દરમિયાન AIADMKના નેતા E પલાનીસ્વામી સાથે ગઠબંધન કર્યુંહોવાની જાહેરાત કરી છે. તેમણે ઈ પલાનીસ્વામી અને ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ કે. અન્નામલાઈ સાથે બેઠક યોજી મીડિયા સમક્ષ આગામી તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં AIADMK-BJP વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી છે.

અમિતશાહે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને AIADMK ગઠબંધન સાથે મળી રાષ્ટ્રીય સ્તરે ચૂંટણી લડશે. તેમજ તમિલનાડુમાં AIADMKના નેતાની આગેવાની હેઠળ ચૂંટણી લડવામાં આવશે. વડાપ્રધાન મોદી અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાએ સાથે મળી અનેક વર્ષો સુધી રાષ્ટ્રીય સ્તરે રાજકારણમાં કામ કર્યું છે.વધુમાં શાહે કહ્યું કે, અમે ડીએમકે માટે કોઈ તક નહીં આપીએ. અમે પલાનીસ્વામીના નેતૃત્વમાં ચૂંટણી લડીશું. મને વિશ્વાસ છે કે, આગામી દિવસોમાં યોજાનારી ચૂંટણીમાં એનડીએનો ફરીથી પ્રચંડ બહુમતિ સાથે વિજય થશે. અને તમિલનાડુમાં ફરી એકવાર એનડીએની સરકાર બનશે.

તમિલનાડુની અંદર ડીએમકે પાર્ટી સનાતન ધર્મ, ત્રણ ભાષા નીતિ જેવા અનેક મુદ્દાઓનો વિરોધ કરી રહી છે. જેનો ઉદ્દેશ પ્રજાને મુખ્ય મુદ્દાઓથી ગેરમાર્ગે દોરવાનો છે. આગામી ચૂંટણીમાં અમે ડીએમકે સરકારના ભ્રષ્ટાચાર, કાયદો-વ્યવસ્થા, દલિતો અને મહિલાઓ પર અત્યાચારના મુદ્દાઓ પર લોકોનું ધ્યાન દોરી મત માગીશું. ડીએમકે સરકારે રૂ. ૩૯૦૦૦ કરોડનુ દારૂ કૌભાંડ, સેન્ડ માઈનિંગ સ્કેમ, વીજ કૌભાંડ, ફ્રી ધોતી કૌભાંડ, પરિવહન કૌભાંડ જેવા અનેક ગોટાળાઓ કર્યા છે. જેનો જવાબ આપવો પડશે.

# રાજકોટ અને પાટણ કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**પાટણ અને રાજકોટમાં કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે**

રાજકોટ,તા.૧૧

રાજ્યમાં છેલ્લા ઘણાં સમયથી એરપોર્ટ, સ્કૂલ અને યુનિવર્સિટીઓમાં ઈમેલ દ્વારા ધમકીઓ મળી રહી છે. ત્યારે પાટણ અને રાજકોટમાં કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. બન્ને કલેક્ટર કચેરીઓના ઈમેલ દ્વારા બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે. સરકારી ઓફિસને બોમ્બની ધમકી મળતા જ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવી છે અને તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, પાટણ કલેક્ટરના મેઈલ આઈડી પર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. પાટણ કલેક્ટર ઓફિસમાં ૩ વાગ્યે બોમ્બની ધમકી મળી હતી.

જેને લઈને ૨૦૦થી વધુ કર્મચારીઓને કલેક્ટર ઓફિસમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ધમકીને પગલે પોલીસનો કાફલો અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને કલેક્ટર કચેરીના કેમ્પસમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ રાજકોટ કલેક્ટર કચેરીને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. આ અંગે જિલ્લા કલેક્ટરે પોલીસ વિભાગને જાણ કરી છે. સમગ્ર મામલે ડોગ સ્ક્વોડ, બોમ્બ સ્ક્વોડ અને પોલીસની ટીમ તપાસ અર્થે કલેક્ટર કચેરી ખાતે પહોંચી છે.




## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીનાં માર્ગદર્શનતળે કામગીરીનો પ્રારંભ

# અમરેલીમાં રૂપિયા ૧૧.૪૦ કરોડનાં ખર્ચે એસ.ટી. કચેરીનું થશે નિર્માણ

**નાયબ દંડક કૌશિક વેકરિયા અને સાંસદ ભરત સુતરીયાનાં વરદ્હસ્તે થયું ભૂમિપૂજન**

**રૂપિયા ૩.૭૦ કરોડનાં ખર્ચે તૈયાર થયેલ ટાયરનાં અધતન પ્લાન્ટનું થયું લોકાર્પણ**

**એસ.ટી. વિભાગીય અધિકારીની નવી બનનારી કચેરીમાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે**

**એસ.ટી. વિભાગનાં અધિકારીઓ અને યુનિયનનાં પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા**







અમરેલી, તા. ૧૧

ગુજરાતરાજયનામુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલઅનેવાહનવ્યવહાર મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આજરોજ અમરેલી ખાતે અમરેલીના ધારાસભ્યતથા ગુજરાતવિધાનસભાના નાયબમુખ્યદંડકકૌશિકવેકરીયાતેમજ અમરેલીનાસાંસદભરતભાઈસુતરીયા દ્વારા ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજય સરકાર તરફથી નિગમના ઈન્ફ્રાસ્ટ્રકચરને અપગ્રેડેશન કરવા પેટે ફાળવેલ સહાય થકી અમરેલી ખાતે જૂની અને જર્જરીત વિભાગીયકચેરીનાસ્થાનેઆરસીસીફ્રેમ સ્ટ્રકચરવાળીનવીનઅદ્યતનવિભાગીય કચેરીના કામનું ખાતમહુર્ત કરવામાં આવ્યું. અંદાજિત ૭૫૦૦૦ ચોરસ મીટરથી વધુ જગ્યામાં રૂપિયા ૧૧.૪૦ કરોડથી વધુ રકમના ખર્ચે તૈયાર થનાર ભવ્ય કચેરીમાં અધિકારી, કર્મચારી કચેરીઓસહિતમાળખાકીયસુવિધાઓ સાથે લોન એરીયા, રેકડ રૂમ, કામદાર ખાતું, વેલ્ફેરએરિયા, કમાન્ડકન્ટ્રોલરૂમ, રિક્રિયેશન ઝોન સહિતનું બાંધકામ કરવામાં આવ્યું છે.

સાથોસાથ અંદાજિત ૩.૭૦ કરોડથી વધુ રકમના ખર્ચે તૈયાર થયેલ અધ્યતન ટાયર પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું. જેમાં બહોળી સંખ્યામાં અધિકારી–કર્મચારીગણ તેમજ યુનિયનના પદાધિકારીઓ સહિત સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા.

### રાજુલા–સાવરકુંડલા માર્ગ પર આવેલ

# ઝાપોદર અને આગરીયા ગામ વચ્ચે બાઈક અને કેરી વાહન વચ્ચે અકસ્માત

**બાઈક સવાર બંને વ્યકિતઓને ગંભીર ઈજા પહોંચી**

રાજુલા, તા. ૧૧

રાજુલા સાવરકુંડલા રોડ ઉપર આવેલ ઝાપોદર ગામ નજીક ઝાપોદર અને આગરીયા ગામની વચ્ચે મોટરસાયકલ અને ફોરવીલ કેરી ગાડી વચ્ચે અકસ્માત થયો જેમાં મોટરસાયકલ સવાર બંને વ્યકિતઓને ગંભીર ઈજા થવા પામેલ કેરી ગાડી મોટરસાયકલ સાથે અથડાય અને સામેની સાઈડમાં આવેલ ઈલેકટ્રીબક પોલ પણ તૂટી જવા પામેલ અને ત્યારબાદ વીજળી પુરવઠો પણ ખોરવાયેલો ત્યારે આ ઘટનાની જાણ ૧૦૮ને કરતા ૧૦૮ ઘટના સ્થળે આવી પહોંચી અને બંને વ્યકિતઓને



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

સારવાર માટે રાજુલાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા અને બંને વ્યકિતઓ રાજુલા પાસે ભાક્ષી ગામના હોવાનું એકનું નામ જીગ્નેશભાઈ પીપળીયા અને બીજાનું નામ પ્રાગજીભાઈ પાંડવ હોવાનું જાણવા મળ્યું પોલીસને આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવેલ આ અકસ્માત બાબતે રાજુલા પોલીસ તપાસ ચલાવી રહી છે.

### બોરાળાથી હનુમાનપુર–તાલડાનો માર્ગ ધોળે દિ'એ તારા દેખાડે છે

# ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારનાં અનેક માર્ગો બિસ્માર બનતા વાહનચાલકોને પારાવાર પરેશાનીનો કરવો પડે છે સામનો

**સ્થાનિક વાહનચાલકો, રાહદારીઓ સહિત સૌ કોઈ માર્ગની યુધ્ધનાં ધોરણે મરામત ઈચ્છી રહ્યા છે**



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૧

ખાંભાનાં ગ્રામ્ય વિસ્તારનાં રોડ બિસ્માર બન્યા છે અને ઠેર ઠેર ખાડા રાજ નિર્માણ પામ્યું હોય તેમ ખરબચડો માર્ગ થઈ જતા વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે અને લોકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે બોરાળાથી હનુમાનપુર– તાલડા જતો માર્ગ કમરતોડ બની જતા સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકો દ્વારા આ રોડ વહેલી તકે સમાર કામ કરવાની માંગ ઉઠવા પામી છે. આ છે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના માર્ગો બિસ્માર બન્યા છે. આ રોડ પર દોઢ દોઢ ફૂટના ખાડા પડી ગયા છે અને ખખડધજ બની ગયો છે. ત્યારે વાહન ચાલકો પારાવાર પરેશાની ભોગવી રહ્યા છે. જયારે આ માર્ગ ખખડધજ હોવાથી વાહનચાલકો અકસ્માતનો ભોગ બની છે. સ્થાનિકો પાસેથી જાણવા મળી રહ્યુ હોય છે અને વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે.

પણ રોડ રસ્તા બિસ્માર હાલતમાં છે ત્યારે સ્થાનિક રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન બન્યા છે અને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ત્યારે બોરાળાથી હનુમાનપુર–તાલડા–માલકનેશ જતા રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠે છે. ત્યારે આ માર્ગ ખરબચડો બની જતા તંત્રની લાપરવાહીની પોલ ખુલી જવા પામી છે ને તંત્ર આવી કમરતોડ રસ્તાની મરામત વહેલી તકે નહિ કરે તો અનેક અકસ્માતો આ માર્ગ પર સર્જાવાની ગંભીર દહેશતો સર્જાઈ છે.




### એડિશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ એન્ડ સ્પેશ્યલ પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં

# રાજુલાનાં એક ગ્રામ્ય વિસ્તારની બાળકી સાથે અડપલા કરનાર ઈસમને ૨૦ વર્ષની સજાનો આદેશ

**જિલ્લા મદદનીશ સરકારી એડવોકેટ બી.એમ. શિયાળની દલીલો સફળ રહી**

રાજુલા, તા. ૧૧

રાજુલાના ગ્રામ્ય વિસ્તારમાં એક બાળાસાથે શારીરીક અડપલા કરેલ તે કેસમાં રાજુલાના એડીશનલ ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ અને સ્પેશયલ (પોકસો) કોર્ટે પોકસો કેસમાં ૨૦ વર્ષની સખત કેદની સજાનો ચુકાદો આપવામાં આવ્યો. જેમાં જીલ્લા મદદનીશ સરકારી વકીલ બી.એમ.



શિયાળની દલીલ રાજુલા એડીશનલ સેશન્સ અને સ્પેશયલ (પોકસો) કોર્ટના જજ ડી.સી. ત્રિવેદીએ માન્ય દલીલ તથા દસ્તાવેજી પુરાવાઓ માન્ય રાખી આરોપી જયસુખભાઈ ધનજીભાઈ કડેવાળ રે. કુંભારીયા (તા. રાજુલા)ને કસુરવાર માનેલ છે. સને ૨૦૨૦ની સાલમાં બાળકી સાથે ઈરાદાપૂવક લલચાવી ફોસલાવી ભાગ આપી ભોગ બનનાર સાથે અપકૃત્ય કરેલ તેની ફરિયાદ ભોગ બનનારના વાલીએ કરેલ. તે ફરિયાદ ચાલી જતા આઈપીસી કલમ ૩૭૬ના ગુન્હામાં ૨૦ વર્ષની સખત કેદની સજા અને રૂા. ૧૫,૦૦૦નો દંડ તથા પોકસો એકટની કલમ ૪, ૬, ૮ના ગુન્હામાં તકસીરવાન ઠરાવેલ હોય અલગ અલગ સજા નહી કરતા એક સાથે ૨૦ વર્ષની સખત કેદની સજા અને ભોગ બનનારને વીકટીમ કોમ્પેનસેશન મુજબ રૂા. ૫૦ હજાર વળતર ચુકવવાનો હુકમ કરેલ છે. આ હુકમથી જીલ્લાભરમાં આ પ્રકારના ગુના કરવાની ટેવ વાળા આરોપીમાં ફફડાટ ફેલાઈ ગયેલ છે તેમજ સમાજમાં આવા પ્રકારના ગુન્હા થતા અટકાવવામાં આ ચુકાદો મદદ રૂપ થશે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)